પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૨૮ અંક : ૧૦૯ કુલ પાના : ૪ તારીખ : ૨૮-૧૨-૨૦૨૪ શનિવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# મનમોહન સિંહના નિધનથી દેશમાં શોકની લહેર; રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિએ ઘરે જઈને પૂર્વ પીએમને શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી

ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહે ગુરુવારે ૯૨ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું. તેમના નિધનના સમાચારથી સમગ્ર દેશમાં શોકની લહેર છવાઈ ગઈ છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી,કેન્દ્રીય મંત્રીઓ,સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત વિવિધ પક્ષોના નેતાઓએ દિવંગત પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના ઘરે પહોંચ્યા હતા અને પૂર્વ વડાપ્રધાનને શ્રદ્ધાંજલિ આપી હતી આ દરમિયાન મનમોહન સિંહના પત્ની ગુરશરણ કૌર હાજર હતા.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહના નિવાસસ્થાને જઈને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે તેમના પરિવારના સભ્યો પ્રત્યે સંવેદના પણ વ્યક્ત કરી હતી. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહને અંતિમ શ્રદ્ધાંજલિ આપી અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ પીએમ મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપી. અગાઉ તેમના શોક સંદેશમાં તેમણે કહ્યું હતું કે, 'પૂર્વ પીએમ મનમોહન સિંહનું જીવન દેશવાસીઓ માટે પ્રેરણા સ્ત્રોત હતું. અર્થશાસ્ત્રી તરીકે તેમણે ભારત સરકારમાં વિવિધ સ્તરે સેવા આપી હતી. તેમણે રિઝર્વ બેંકના ગવર્નર તરીકે સેવા આપી હતી. તેઓ પૂર્વ પીએમ પીવી નરસિમ્હા રાવની સરકારમાં નાણામંત્રી હતા અને દેશમાં આર્થિક ઉદારીકરણનો પાયો નાખ્યો હતો. લોકો અને દેશના વિકાસ પ્રત્યેના તેમના સમર્પણને હંમેશા સન્માનની નજરે



જોવામાં આવશે. ડૉ.મનમોહન સિંહનું જીવન પ્રમાણિકતા અને સાદગીનું પ્રતીક હતું. તેમની નમ્રતા અને બુદ્ધિમત્તા તેમના જીવનની વિશેષતા હતી.કોંગ્રેસના અધ્યક્ષ અને રાજયસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહને અંતિમ શ્રદ્ધાંજલિ આપી અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમના નિવાસસ્થાને પહોંચ્યા આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ પણ શ્રધ્ધાંજલિ આપી હતી

દિવંગત પૂર્વ પીએમ ડૉ.મનમોહન સિંહના નિધન પર એઆઈએમઆઈએમ સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું, 'મારી પાર્ટી વતી હું તેમના પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. તેઓ એવા પ્રથમ વડાપ્રધાન હતા જેમણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો અને મુસ્લિમ સમુદાયના ઉત્થાન માટે કામ કર્યું હતું. તેમના નિધનથી દેશે પોતાનો પુત્ર ગુમાવ્યો છે.પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહના નિધન પર કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે કહ્યું, 'ભાગ્ય આપણા હાથમાં નથી, પરંતુ મને એ કહેતા ગર્વ થાય છે કે મનમોહન સિંહ નથી રહ્યા, તેમ છતાં તેઓ જીવિત છે. રાષ્ટ્ર માટે તેમનું યોગદાન બદલી શકાતું નથી. બેંગલુરુ યુનિવર્સિટીમાં, અમે તમામ વિદ્યાર્થીઓ માટે એક સંશોધન અને અભ્યાસ કેન્દ્ર શરૂ કરવા જઈ રહ્યા છીએ જેથી તેઓ દેશના વિકાસ માટે મનમોહન સિંહ દ્વારા કરવામાં આવેલા સુધારાઓ વિશે જાણી શકે.

વિશ્વભરના ઘણા નેતાઓએ પૂર્વ પીએમના નિધન પર શ્રદ્ધાંજલિ આપીને શોક વ્યક્ત કર્યો છે. માલદીવ અને અફઘાનિસ્તાન સહિતના પડોશી દેશોના નેતાઓએ તેમના યોગદાન અને તેમના દેશો સાથે સારા સંબંધો બનાવવા પર પ્રકાશ પાડ્યો છે.રશિયાએ પણ પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે ઊંડી શોક વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે ડૉ. મનમોહનનું નિધન એ ભારત અને રશિયા માટે અત્યંત દુઃખ અને શોકની ક્ષણ છે.

તેમણે ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં ડૉ.મનમોહન સિંહના યોગદાનને પણ યાદ કર્યું. રશિયાના રાજદૂતે કહ્યું કે આપણા દ્વિપક્ષીય સંબંધોમાં ડો.મનમોહન સિંહનું યોગદાન અતુલનીય છે. રશિયન રાજદૂતે જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વડા પ્રધાનનું સૌમ્ય વર્તન હંમેશા પ્રિય હતું, કારણ કે અર્થશાસ્ત્રી તરીકેની તેમની કુશળતા અને ભારતની પ્રગતિ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા નિર્વિવાદ હતી. અમારા વિચારો અને પ્રાર્થનાઓ ડૉ. મનમોહન સિંહ જીના પરિવાર અને ભારતીય લોકો સાથે છે. ઓમ શાંતિ અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈએ ??એક પોસ્ટમાં કહ્યું કે ભારતે તેના સૌથી પ્રતિષ્ઠિત પુત્રોમાંથી એક ગુમાવ્યો છે. તેમણે ભૂતપૂર્વ વડા પ્રધાનના નિધન પર ઊંડી શોક વ્યક્ત કરી, તેમને અફઘાનિસ્તાનના લોકોના અતૂટ સાથી અને મિત્ર તરીકે વર્ણવ્યા.

તમને જણાવી દઈએ કે, પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના પાર્થિવ દેહને આવતીકાલે ૨૮ ડિસેમ્બરે કોંગ્રેસ મુખ્યાલય લાવવામાં આવશે, જ્યાં લોકો તેમને શ્રદ્ધાંજલિ આપશે. તેમના અંતિમ સંસ્કાર રાજઘાટ પાસે કરવામાં આવશે. સામાન્ય લોકો શનિવારે સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી પૂર્વ પીએમના અંતિમ દર્શન કરી શકશે. કેન્દ્ર સરકારે ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ નવી દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના નિધન પછી ૨૬ ડિસેમ્બર, ૨૦૨૪ થી ૧ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી સમગ્ર દેશમાં સાત દિવસનો રાજ્ય શોક જાહેર કર્યો છે. આ સમયગાળા દરમિયાન, રાષ્ટ્રધ્વજ પરંપરાગત રીતે લહેરાતા હોય તેવા તમામ સ્થળોએ અડધી ઝુકાવવામાં આવશે અને તમામ સત્તાવાર કાર્યક્રમો સ્થગિત રહેશે.

# ઉત્તર ગુજરાતના અરવલ્લી, ઈડર અને વડાલીના ભાગોમાં કમોસમી વરસાદ રહેવાની આગાહી

## ઉત્તરાયણ દરમિયાન સવારના સમયે સારો પવન રહેશે. ઉત્તરાયણમાં બપોરના સમયે પવન ઘટી શકે છે

અમદાવાદ

અંબાલાલ પટેલની ફરી એક મોટી આગાહી સામે આવી છે. હજૂ રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ રહેશે. અરવલ્લી, ઈડર અને વડાલીના ભાગોમાં કમોસમી વરસાદ રહેવાની આગાહી કરી છે. આ સિવાય મહેસાણાના કેટલાક ભાગોમાં પણ કમોસમી વરસાદ રહેશે. આણંદ, નડીયાદ, ખેડા તથા દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ રહેશે. શનિવાર સુધી કમોસમી વરસાદ રહેશે.

ઉત્તરીય પર્વતિય પ્રદેશ અને ઉત્તર ભારતનો કમોસમી વરસાદ રહેવાની અંબાલાલ પટેલે આગાહી કરી છે. ૨૯ ડિસેમ્બરથી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ગુજરાતમાં આકરી ઠંડી પડશે. ૩ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન ઉત્તર પર્વતિય વિસ્તારમાં હીમ વર્ષાના કારણે ગુજરાતમાં ઠંડી પડશે. ગુજરાતમાં ઠંડીના કારણે પારો નીચે જશે. ઉત્તર ગુજરાતમાં સહીત વિસ્તારોમાં ૧૦ થી ૮ ડિગ્રી તાપમાન જતાં ઠંડી પડશે. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં, મધ્ય ગુજરાતમાં ઠંડી વધશે. ગાંધીનગરનું ન્યૂનતમ તાપમાન ૮ ડિગ્રી થશે. જાન્યુઆરીના બીજા પખવાડીયાથી કમોસમી વરસાદ થઈ શકે.

ઉત્તારાયણ પૂર્વે દરમિયાન વાદળો આવી શકે છે, તેવી આગાહી અંબાલાલ પટેલે કરી છે. તેમ છતાં પતંગ રસિકો માટે સારા સમાચાર આવ્યા છે. ઉત્તરાયણ દરમિયાન સવારના સમયે સારો પવન રહેશે. ઉત્તરાયણમાં બપોરના સમયે પવન ઘટી શકે છે. વાસી ઉત્તરાયણના દિવસે પવન રહેશે. ઉત્તરાયણ દરમિયાન ઠંડા પવનો વહેશે.

અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, ૨૮, ૨૯ ડિસેમ્બરે રાજ્યના કેટલાક વિસ્તારોમાં માવઠાની આગાહી છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં માવઠાની આગાહી છે. આ દિવસોમાં કમોસમી વરસાદ પડશે. કમોસમી વરસાદથી કેટલાક પાકો અને શાકભાજીમાં નુકસાની થશે. રીંગણ, દિવેલા રાઈ જેવા પાકોમાં નુકસાની થવાની શક્યતા વધારે છે.

સાયક્લોનિક સરક્યુલેશનને કારણે ગુજરાતનું વાતાવરણ એકાએક પલટાયું છે. ત્યારે આજે સવારથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદની આગાહી છે. ગઈકાલથી રાજ્યમાં અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ તો કરા પડ્યા છે. હવામાન વિભાગે આજ માટે નવકાસ્ટ બુલેટીન જાહેર કર્યું છે. સવારે ૭ વાગેથી આગામી ત્રણ કલાક માવઠાની આગાહી છે. અમદાવાદ, ગાંધીનગર સાહિતના જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે. તેમજ દાહોદ, પંચમહાલ, અરવલ્લી, સાબરકાંઠામાં હળવા વરસાદની આગાહી છે.

આજે રાજ્યમાં કરા સાથે ભારે વરસાદની આગાહી છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છમાં વરસાદની આગાહી, મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણ પલટો રહેશે, આગામી ૩ દિવસમાં ૨ થી ૪ ડિગ્રી તાપમાન વધી જશે. અમદાવાદમાં હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદી માહોલ છવાયો છે. મોડી રાતે અને વહેલી સવારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કમોસમી વરસાદ નોંધાયો છે. બાપુનગર, નરોડા સહિત અનેક વિસ્તારોમાં વરસાદ આવ્યો છે. ગઈકાલે મોડી રાતથી શહેરમાં વરસાદી માહોલ છે.

હવામાન વિભાગ દ્વારા ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ પર સર્જાયેલી સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભરશિયાળે રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૭ અને ૨૮ ડિસેમ્બરે રાજ્યમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ રાઉન્ડ શરૂ થશે. આ દરમિયાન પ્રતિ કલાકે ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે ભારે પવન ફૂંકાવાની પણ શક્યતા છે. જ્યારે છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં બરફનાં કરાં વરસી શકે છે. અહીં વીજળીના ચમકારાનું ઓરેન્જ એલર્ટ પણ આપવામાં આવ્યું છે.

શિયાળામાં વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે મોડી સાંજે અમદાવાદના મણિનગર, ઈસનપુર,મણિનગર, કાંકરિયા, રાયપુર, ખોખરા, હાટકેશ્વર સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા. અચાનક વરસાદ વરસતાં કાંકરિયા



કાર્નિવલમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

રાજયભરમાં કરા સાથે વરસાદની આગાહી છે. બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં માવઠું પડશે. મહીસાગર, દાહોદ, પંચમહાલ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં પણ માવઠું પડશે. છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાગમાં વરસાદની આગાહી છે. પવનની ગતિ પણ ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની રહેશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને પૂર્વીય પવનોના કારણે ગુજરાતમાં વરસાદી માહોલ બંધાયો છે.હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ રાજયના અનેક જિલ્લાઓમાં તીવ્ર માવઠાની આગાહી અમુક વિસ્તારમાં ભારે તો અમુક વિસ્તારમાં સામાન્ય ઝાપટા પડે તેવી સંભાવના વ્યક્ત કરી છે.

# ઓલ ઈન્ડિયા સીએનું પરિણામ જાહેર, અમદાવાદની દીકરીએ ભારતમાં ડંકો વગાડ્યો




અમદાવાદ

ઓલ ઈન્ડિયા સીએનું પરિણામ જાહેર થઈ ગયું છે. જેમાં અમદાવાદની વિદ્યાર્થીની રિયા કુંજભાઈ શાહ ભારતમાં બીજા અને ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે આવી છે. રિયા શાહ ૮૩.૫૦ ટકા સાથે ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે અને ભારતમાં બીજા ક્રમાંકે આવી છે. નોંધનીય છે કે, ઓલ ઈન્ડિયા સીએનું પરિણામ ૧૩.૪૫ ટકા આવ્યું છે.

સીએના પરિણામાં ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે આવ્યા બાદ રિયા શાહે ઈન્ટરવ્યુંમાં જણાવ્યું હતું કે પરીક્ષાના સમયે મારી તબિયત સારી નહોતી પણ પરિવારની હિંમતથી પરીક્ષા આપી ખૂબ મહેનત કર્યા બાદ આજે પરિણામ મળતાં ખુશી છે.' ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયાએ આજે (૨૭ ડિસેમ્બર ૨૦૨૪) આઈસીએઆઈ સીએ ફાઈનલ પરિણામ જાહેર કરી દીધું છે. જેમાં આ પરિણામથી દેશને ૧૧૫૦૦ નવા સીએ મળ્યા છે. હૈદરાબાદના હરમ્બ મહેશ્વરી અને તિરુપતિના ઋષભ ઓસટવાલે સંયુક્ત રીતે ટોપ થ્રીમાં પ્રથમ પ્રથમ સ્થાન મેળવ્યું છે. બંનેએ ૮૪.૬૭ ટકા માર્ક્સ મેળવ્યા છે. જ્યારે બીજા ક્રમે અમદાવાદની રિયા કુંજન કુમાર શાહે ૮૩.૫૦ ટકા અને ત્રીજા ક્રમે આવેલી કોલકાતાની કિંજલ અજમેરાએ ૮૨.૧૭ ટકા મેળવ્યા છે.

નવેમ્બરમાં યોજાયેલી પરીક્ષામાં ગ્રુપમાં ૬૬૯૮૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૧૨૫૩ એટલે કે ૧૬.૮ ટકા ઉમેદવારો પાસ થયા હતા. જ્યારે બીજા ગ્રુપના ૪૯૪૫૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૦૫૬૬ ઉમેદવારો સફળ થયા હતા. એટલે કે ૨૧.૩૬ ટકા પાસ થયા છે. બંને ગ્રૂપમાં ઉપસ્થિત ૧૩.૪૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા, આ માટે ૩૦૭૬૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૪૧૩૪ વિદ્યાર્થીઓ સફળ થયા હતા.

# ઉત્તરાયણ દરમિયાન સવારના સમયે સારો પવન રહેશે. બપોરના સમયે પવન ઘટી શકે છે



અમદાવાદ

પતંગ રસીયાઓ ઉત્તરાયણને લઈ ખુશીનાં સમાચાર મળી રહ્યા છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા ઉત્તરાયણનાં દિવસે પવનને લઈ મોટી આગાહી કરી છે. ઉત્તરાયણનાં દિવસે પવન સારો રહેવાની શક્યતા છે. તેમજ આગામી તા. ૧૫ જાન્યુઆરીએ પણ પવનની ગતિ સારી રહેશે. દિવસ દરમ્યાન ક્યારેક પવન ઘટવાની શક્યતાઓ છે.વાસી ઉત્તારાયણના દિવસે પવન રહેશે. ઉત્તારાયણ દરમિયાન ઠંડા પવનો વહેશે. તેમજ ૧૩ જાન્યુઆરી પછી રાજ્યનાં વાતાવરણમાં પલ્ટો આવશે.

તેમણે કરેલી આગાહી પ્રમાણે ઉતર ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે, તો મહીસાગર, પંચમહાલ સહિતના મધ્ય ગુજરાતના ભાગોમાં પણ માવઠાની સંભાવના રહેશે. આગામી બે દિવસ આણંદ, નડિયાદ, વડોદરામાં વરસાદનું જોર વધશે. જયારે દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની સંભાવના રહેશે. બીજી તરફ સૌરાષ્ટ્ર-કચ્છમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. રાજ્યમાં ૨૮ ડિસેમ્બરે પણ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી પ્રમાણે, હજૂ રાજ્યના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ રહેશે. અરવલ્લી, ઈડર, વડાલી, મહેસાણાના કેટલાક ભાગો, આણંદ, નડિયાદ, ખેડામાં કમોસમી વરસાદ રહેશે.

૨૯ ડિસેમ્બરથી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં કડકડતી ઠંડી પડશે, જયારે ૩ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન ગુજરાતમાં કડકડતી ઠંડી અનુભવાશે. જયારે ઉત્તર ગુજરાતમાં ૧૦ થી ૮ ડિગ્રી તાપમાન નીચું જશે. સૌરાષ્ટ્ર દક્ષિણ ગુજરાતમાં, મધ્ય ગુજરાતમાં ઠંડી વધશે. તો ગાંધીનગરનું ન્યૂનતમ તાપમાન ૮ ડિગ્રી થશે. જાન્યુઆરીમાંના બીજા પખવાડિયામાં કમોસમી વરસાદ થઈ શકે છે. ઉત્તરાયણ પર્વ દરમિયાન વાદળો આવી શકે છે. ઉત્તરાયણમાં સવારના સમયે સારો પવન રહેશે તો બપોરના સમયે પવન ઘટી શકે છે.

**Baroda Gujarat Gramin Bank**

(Owned by : Govt. of . India, Bank of Baroda& Govt. of Gujarat)

SCHEDULED BANK SPONSORED BY : BANK OF BARODA

**Branch : Piplod** **Date : 22.12.2024**

**Possession Notice**

Whereas (For immovable property only)

The undersigned being the authorized officer of the **BARODA GUJARAT GRAMIN BANK** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (54 of 2002) and in exercise of powers conferred under Section 13(12) read with rule 3 of the Security interest (Enforcement) Rules, 2002 issued a demand notice dated **15-03-2023** calling upon the borrower **Shri Arvindbhai Kiritbhai Baria** to repay the amount mentioned in the notice being **Rs. 10,72,316.66 (Ten lakhs Seventy two thousand three hundred sixteen Rupees & sixty six paisa only) + interest + charges** within **60** days from-the date of receipt of the said notice.

The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the public in general that the undersigned has taken **Possession** of the property described herein below in exercise of powers conferred on him under sub-section(4) of section 13 of Act read with rule 8 of the Security Interest Enforcement Rules, 2002 on this the **22nd day of December, of the year 2024.**

The borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of BARODA GUJARAT GRAMIN BANK, Piplod Branch for an amount of **Rs. 10,72,316.66 (Ten lakhs Seventy two thousand three hundred sixteen Rupees & sixty six paisa only)as on 15.03.2023 + Further interest + charges** thereon.

The borrower's attention is invited to provisions of sub-section(8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description of the Immovable Property**

All that part parcel of the property consisting of Unit No 9 R.S. No. 63/ Paiki 33/Paiki 2 Khata No. 1053 (Panchayat house no. 129/12) having land admeasuring 81.66.20 sq.mtr. at **Visamo Society,** At Piplod, Ta-Devgadh Baria, Dist-Dahod.

**Bounded :**

**On the North : Unit No. 8**

**On the South : Unit No. 10**

**On the East : 'Pratha' Plot**

**On West : Road**

**Date :** 22.12.2024

**Place :** Piplod

Sd

**Authorized Officer**

**Baroda Gujarat Gramin Bank**

# રામ મંદિરના પૂજારીઓ માટે ડ્રેસ કોડ લાગુ, તમામ પૂજારીઓને બે-બે સેટ આપવામાં આવ્યા



લખનૌ

રામલલાના પૂજારીઓ હવે પિતાંબરી પહેરશે અને દરરોજ રામલલાની પૂજા કરશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા પૂજારીઓ માટે ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે. પૂજારી પીળી ચૌબંધી અને સફેદ ધોતી પહેરશે. આ ડ્રેસ કોડ ૨૫ ડિસેમ્બરથી લાગુ કરવામાં આવ્યો છે. ટ્રસ્ટ દ્વારા તમામ પૂજારીઓને વસ્ત્રોના બે સેટ પણ આપવામાં આવ્યા છે.

રામ મંદિરમાં મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસ સહિત કુલ ૧૪ પૂજારી કામ કરી રહ્યા છે. પાદરીઓ પર પહેલાથી જ મલ્ટીમીડિયા ફોનનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે તમામ પૂજારીઓ માટે ડ્રેસ કોડ પણ લાગુ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી પૂજારીઓ માટે ડ્રેસ કોડ ફરજિયાત ન હતો, પૂજારીઓ અલગ-અલગ પોશાક પહેરીને આવતા હતા. રામ મંદિરમાં પૂજા કરવા માટે ૧૪ પૂજારીઓને સાત-સાત પૂજારીના બે જૂથમાં વહેંચીને તેમની ફરજ સોંપવામાં આવી છે.

સવારની પાળી માટે સાત પૂજારી અને બપોરથી સાંજની પાળી માટે સાતને જવાબદારી સોંપવામાં આવી છે. રામ મંદિર સિવાય આ તમામ પૂજારીઓએ કુબેર ટીલા સ્થિત શિવાલય અને હનુમાન મંદિરમાં પણ પૂજા કરવાની હોય છે. રામ મંદિર ટ્રસ્ટના આ પગલાથી રામ મંદિરના પૂજારીઓની ઓળખ સરળ બની જશે. પૂજારીઓને ચૌબંદી, ધોતી, કુર્તા અને માથા પર પીળી પાઘડી સૂચવવામાં આવી છે.

# રાજસ્થાનમાં પેપર લીકના આરોપીઓની સંપત્તિ જપ્ત કરવામાં આવશે, નોટિસ જારી

જયપુર

રાજસ્થાનમાં અગાઉની કોંગ્રેસ સરકારના શાસનકાળ દરમિયાન થયેલા પેપર લીક કેસમાં એક મોટું અપડેટ સામે આવ્યું છે. જયપુર મેટ્રો-૧ની ઈડી અને સીબીઆઈ કેસની વિશેષ અદાલતે પેપર લીકના આરોપીઓની સંપત્તિ જપ્ત કરવા માટે નોટિસ જારી કરી છે. વરિષ્ઠ શિક્ષક ભરતી ૨૦૨૨ ના પેપર લીક કેસમાં ફરાર આરોપી સુરેશ કુમાર ઢાકાની મિલકતો જપ્ત કરવા સંબંધિત નોટિસ તેની મિલકતો પર ચોંટાડી દેવામાં આવી છે. આ ઉપરાંત, આરોપી જોગેન્દ્ર સરન, સુરેશ વિશ્નોઈ, પ્રદીપ ખેદાર અને નેતારામ કાલબી સામે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૮૨ હેઠળ મિલકત જપ્ત કરવાની નોટિસ પણ જારી કરવામાં આવી છે.

સિનિયર ટીચર ભરતી પરીક્ષાના પેપર લીક કેસમાં એસઓજીએ અનેક આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં સસ્પેન્ડેડ આરપીએસસી મેમ્બર બાબુલાલ કટારા, બરતરફ વાઈસ પ્રિન્સિપાલ અનિલ કુમાર મીણા ઉર્ફે શેરસિંહ મીણાનો સમાવેશ થાય છે. આ કેસમાં આરોપી સુરેશ ઢાકા છેલ્લા બે વર્ષથી ફરાર છે. જેના પર રાજસ્થાન પોલીસે એક લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું છે. આરોપી જોગેન્દ્ર સરન, સુરેશ વિશ્નોઈ, પ્રદીપ ખેકર અને નેતારામ કાલ્બી પણ હજુ ફરાર છે. કોર્ટે ફરાર આરોપીઓને ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો છે. જો તેઓ કોર્ટમાં હાજર નહીં થાય તો તેમને ભાગેડુ જાહેર કરવામાં આવશે. ઢાકા નજીકથી ગોપાલ સરન સહિત ઘણા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે પરંતુ કેટલાક આરોપીઓ હજુ પણ ફરાર છે.

વરિષ્ઠ શિક્ષક ભરતી ૨૦૨૨ માટેની પરીક્ષાઓ ડિસેમ્બર ૨૦૨૨ માં લેવામાં આવી રહી હતી. ૨૩ ડિસેમ્બર ૨૦૨૨ની મોડી રાત્રે ઉદયપુર જિલ્લાના બેકરિયા પોલીસ સ્ટેશને પેપર લીક કેસનો પર્દાફાશ કર્યો હતો. બાતમીદાર પાસેથી માહિતી મળ્યા બાદ પોલીસે ઉમેદવારોથી ભરેલી ખાનગી બસને રોકી હતી. તે બસમાં ૪૫ જેટલા ઉમેદવારો બેઠા હતા. ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ યોજાનાર જનરલ નોલેજના પ્રશ્નપત્રના જવાબો આ ઉમેદવારોને ચાલતી બસમાં શીખવવામાં આવી રહ્યા હતા. આ બસની આગળ એક કારમાં પેપર લીક માફિયાઓ હતા જેઓ બસને એસ્કોર્ટ કરી રહ્યા હતા. પોલીસે તેઓને પણ પકડી લીધા હતા. બાદમાં પકડાયેલા આરોપીની પૂછપરછ દરમિયાન પેપર લીક થયાની ઘટના પ્રકાશમાં આવી હતી. બાદમાં આ કેસની તપાસ એસઓજીને સોંપવામાં આવી હતી.

# નવા વર્ષ ૨૦૨૫માં બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણ, ભારતમાં માત્ર એક જ દેખાશે

નવીદિલ્હી

નવા વર્ષની શરૂઆત થોડા જ દિવસોમાં થવા જઈ રહી છે. નવું વર્ષ લોકોના જીવનમાં નવી ખુશીઓ અને ઉત્સાહ લઈને આવે છે. નવા વર્ષમાં એટલે કે ૨૦૨૫ માં, સૂર્ય, પૃથ્વી અને ચંદ્રની ગતિ વિશ્વને બે સૂર્યગ્રહણ અને બે ચંદ્રગ્રહણના રોમાંચક દ્રશ્યો બતાવશે. જો કે, ઉજ્જૈનની પ્રતિષ્ઠિત વેધશાળાની આ આગાહી ભારતના ખગોળશાસ્ત્ર પ્રેમીઓને નિરાશ કરી શકે છે કે આમાંથી માત્ર એક જ ગ્રહણ દેશમાં દેખાશે.

સરકારી જીવાજી વેધશાળાના અધિક્ષક ડૉ. રાજેન્દ્ર પ્રકાશ ગુપ્તાએ જણાવ્યું હતું કે નવા વર્ષમાં ગ્રહણની શ્રેણી ૧૪ માર્ચે પૂર્ણ ચંદ્રગ્રહણ સાથે શરૂ થશે. ગુપ્તાએ કહ્યું, 'નવા વર્ષનું આ પ્રથમ ગ્રહણ ભારતમાં જોવા મળશે નહીં, કારણ કે આ ખગોળીય ઘટના સમયે દેશમાં દિવસનો સમય હશે. આ ખગોળીય ઘટના અમેરિકા, પશ્ચિમ યુરોપ, પશ્ચિમ આફ્રિકા અને ઉત્તર અને દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં જોવા મળશે.

જીવાજી વેધશાળાના અધિક્ષક ડો. ગુપ્તાએ જણાવ્યું હતું કે ૨૯ માર્ચે થનારું આંશિક સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં. આ ગ્રહણ ઉત્તર અમેરિકા, ગ્રીનલેન્ડ, આઈસ લેન્ડ, ઉત્તર એટલાન્ટિક મહાસાગર, સમગ્ર યુરોપ અને ઉત્તર-પશ્ચિમ રશિયામાં દેખાશે.

તેમણે કહ્યું, 'ભારતીય ખગોળશાસ્ત્ર પ્રેમીઓ એ હકીકતથી ઉત્સાહિત થઈ શકે છે કે વર્ષ ૨૦૨૫ માં, ૭ થી ૮ સપ્ટેમ્બરની વચ્ચે થનારું સંપૂર્ણ ચંદ્રગ્રહણ દેશમાં જોઈ શકાશે. આ ગ્રહણ એશિયાના અન્ય દેશો તેમજ યુરોપ, એન્ટાર્કટિકા, પશ્ચિમ પ્રશાંત મહાસાગર, ઓસ્ટ્રેલિયા અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં દેખાશે.ગુપ્તાએ કહ્યું કે ૨૦૨૫નું છેલ્લું ગ્રહણ ૨૧ અને ૨૨ સપ્ટેમ્બરની વચ્ચે આંશિક સૂર્યગ્રહણ તરીકે થશે અને આ ખગોળીય ઘટના ભારતમાં દેખાશે નહીં. તેમણે કહ્યું, 'આ આંશિક સૂર્યગ્રહણ ન્યુઝીલેન્ડ, ઈસ્ટર્ન મેલેનેશિયા, સધર્ન પોલિનેશિયા અને વેસ્ટ એન્ટાર્કટિકામાં જોવા મળશે.'તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૪, જે ટૂંક સમયમાં સમાપ્ત થવા જઈ રહ્યું છે, તેમાં પેનમ્બ્રલ ચંદ્રગ્રહણ, સંપૂર્ણ સૂર્યગ્રહણ, આંશિક ચંદ્રગ્રહણ અને વલયાકાર સૂર્યગ્રહણની ચાર ખગોળીય ઘટનાઓ જોવા મળી હતી.

# લુણાવાડાના તણછીયા ગામે ટ્રાન્સફોર્મરમાં અવારનવાર બગડતા ખેડુતોને પુરતી વિજળી નહિ મળતાં ખેડુતો પરેશાન



લુણાવાડા, મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના તણછીયા ગામના ખેડૂતો ટ્રાન્સમીટર ના કારણે પૂર્તિ વીજળી ન મળતા હોવાનો લગાવી રહ્યા છે. આરોગ ખેડૂતોનું માનીએ તો છેલ્લા કેટલાય વર્ષોથી આ જ પ્રકારની સ્થિતિ છે. ટ્રાન્સમીટર એવી સ્થિતિમાં છે કે જયાં ફ્યુઝ નથી. માત્ર વાયરો જોઈન્ટ કરેલા છે, તો ટ્રાન્સમીટરની આજુબાજુમાં જાડી ઝાંખરા પડશે તેના કારણે વીજ વાયરોમાં પાર્ક થતાં આગ લાગવાના બનાવો પણ બને છે. ટ્રાન્સમીટર આ સ્થિતિમાં હોવાના કારણે ખેડૂતો પૂરતી ૮ કલાકની વીજળી ન મળતા હોવાનો પણ આરોપ લગાવી રહ્યા છે. ત્યારે ટ્રાન્સમીટર પણ જોખમી હાલતમાં જોવા મળી રહ્યું છે. ખેડૂતોનો આરોપ છે કે આ ટ્રાન્સમીટરના કારણે ૨૦૦ હેક્ટર જેટલી જમીનને પિયત મળે છે આઠ કલાક વીજળી મળવાનો સમય છે પરંતુ ટ્રાન્સમીટર અવારનવાર બગડે છે. જેના કારણે દિવસની ચાર કલાક પણ વીજળી નથી મળતી. તેઓ આરો ખેડૂતો લગાવી રહ્યા છે.

મહીસાગર જીલ્લાના તણછીયા વાટા ગામે આવેલ ટ્રાન્સમીટર ના જે ટ્રાન્સમીટર થી ખેડૂતોને વીજળી મળે છે પરંતુ ખેડૂતો આરોપ લગાવી રહ્યા છે કે, આ ટ્રાન્સમીટર અવારનવાર મળી જાય છે. જેના કારણે ખેડૂતોને આઠ કલાક વીજળી નથી મળતી અને પારાવાર મુશ્કેલી વેચવી પડે છે ખેડૂતોએ ૮ કલાક વીજળી મળવાનો સમય હોય છે, પરંતુ ટ્રાન્સમીટરમાં ખામી સર્જાતા મોટાભાગનો સમય તેમાં વ્યય થઈ જાય છે અને ખેડૂતોને પૂરતી વીજળી નથી મળતી તેઓ આરોપ ખેડૂતો લગાવી રહ્યા છે. ટ્રાન્સમીટરની સીટી પણ અત્યંત જોખમી જોવા મળી રહી છે. ટ્રાન્સમીટર માં ફ્યુઝ નથી માત્ર વાયરોના સહારે ટ્રાન્સમીટર જેના કારણે ત્યાં કોઈ અકસ્માત સર્જાય તેવી પણ વીતી સેવાઈ રહી છે. ખેડૂતો જણાવી રહ્યા છે કે વીજ વાયરો પણ અત્યંત નીચા હોય છે. જેના કારણે ખેતરમાં કામ કરતી વખતે તેને અડધી જવાથી પણ અકસ્માત બને તેવો ભય સતાવી રહે છે. અનેકવાર અમે એમજીવીસીએલમાં રજૂઆત કરી છે પરંતુ કામગીરી કરવામાં નથી આવતી તેવી પણ ખેડૂતો આરોપ લગાવી રહ્યા છે. ત્યારે ટ્રાન્સમીટર ઉપર લગાવવામાં આવેલ પેટી પણ તદ્દન કટાઈ ગઈ છે તો ફ્યુઝ ની જગ્યાએ વાયરો જોઈન્ટ કરેલ જોવા મળી રહ્યા છે. ત્યારે વીજ વાયર ભેગા ન થાય તેને લઈને પથ્થર બાંધી અને લંગર લગાવવામાં આવ્યા છે તો વીજ વાયર ની આસપાસ પણ કેટલાય જાડેજા આંકડા ઊગી નીકળ્યા છે. જેના કારણે વારંવાર બીજ પુરવઠો ખોલવાતો હોય તેવો આરોપ ખેડૂતો લગાવી રહ્યા છે.

તણખીયા ગામે અમારી ખેતીવાડી જોડાણના ગ્રાહકો છે. એવુંની જે આઠમાં મહિનાની અરજી હતી કે થાંભલા નમી ગયા છે. એમની જે અરજી મળી હતી તે મુજબ કામગીરી કરવામાં આવી હતી અને સમારકામ કરવામાં આવ્યું હતું. તેઓને વીજ પુરવઠો પૂરો પાડવામાં આવ્યો હતો. આપના માધ્યમથી અમને જાણ થઈ છે કે એ ટ્રાન્સમીટરના જે ફ્યુઝ પડી ગયા છે. તેમને ત્રણ દિવસમાં રિપેર કરી અને વીત પુરવઠો નિયમિત કરી આપીશું. તમારા દ્વારા જ અમને માહિતી મળી છે કોઈ અરજદારી અરજી કરી નથી. અમે સ્થળ ચકાસણી કરી છે, નવેસરથી નવા ફ્યુઝ બેસાડીને કામગીરી કરવામાં આવશે. વિજ અકસ્માતનું નિવારણ કરાશે. મેન્ટેનન્સ કામગીરી કરવામાં આવે છે. વાયરો ઢીલા જણાય તો કામગીરી કરવામાં આવે છે

વારંવાર અહીંયા વીજ પુરવઠો ખોરવાય છે અમને આઠ કલાક વીજળી મળવી જોઈએ પરંતુ અઠવાડિયામાં ચાર દિવસ વિજે ટ્રાન્સમીટરમાં તકલીફો થાય છે. જેના કારણે અમને પૂર્તિ વીજળી નથી મળતી અને મારા પાક ઉપર તેની અસર પડે છે અને ટ્રાન્સમીટર પણ જોખમી છે.

મારૂ વીજ કનેક્શન આ ટીસી ઉપરથી જાય છે, પરંતુ જાડી ઝાકડાના કારણે મને આઠ કલાક વીજળી મળતી નથી આમાંથી છ કનેક્શન આપેલા છે. જેના કારણે અમને પૂરેપૂરો પાવર મળતો નથી. જાડી ઝાકડાના કારણે રોજ સમસ્યા સર્જાય છે ફોલ્ટ થાય છે. જેથી આઠ કલાકમાં ચાર કલાક પણ વીજળી મળતી નથી. વીજળી ન મળતા અમારો પાક સુકાઈ જાય છે. ૨૦૦ એંકર જમીનમાં પિયતની તકલીફ પડે છે. વર્ષોથી જ આ સમસ્યા છે ઘણીવાર રજૂઆત કરી છે. સર્ચ ડાઉન કરે છે જે કામ હાઈવે ઉપર જ કામ કરે છે અહીંયા કામ થતું નથી.

છેલ્લા ૩૦ વર્ષથી આ કનેક્શન આ સ્થિતિમાં છે વ્યવસ્થિત કનેક્શન આપેલું નથી વીજ પોલ તેમજ વાયરો નમી ગયેલા છે. ટ્રેક્ટર લાવવામાં પણ તકલીફ પડે છે, જોખમે ખેતી કરવી પડે છે. અઠવાડિયા પંદર દિવસે એક શોર્ટ સર્કિટના કારણે આગ પણ લાગે છે. ટ્રાન્સમીટર જોખમી છે, ચાલુ લઈને નજીક જવાતું નથી. વીજળી આઠ કલાક મળે છે, પરંતુ ચાર–પાંચ દિવસ એવા નીકળે છે કે આખો દિવસ લાઈટ નથી મળતી. ૨૦૦ એકર જમીન છે જેમને પૂરતું લાઈટ મળતું નથી.

:–નટુભાઈ પટેલ ખેડૂત–:

# બાલાસિનોર તાલુકામાં માવઠું થતા ખેડૂતોના જીવ અદ્ધર થયા

બાલાસિનોર, મહીસાગર જીલ્લામાં માવઠું થવાની હવામાન વિભાગે આગાહી કરી હતી. આ આગાહી મુજબ જ શુક્રવારે સવારે બાલાસિનોર તાલુકામાં માવઠું થયું હતું. શિયાળામાં માવઠું થતા ખેડૂતોના જીવ અધ્ધર થયા છે.

શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે બાલાસિનોર નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં બે દિવસથી હવામાન પલટાયું હતું. સતત વાદળછાયું હવામાન રહ્યા બાદ શુક્રવારે સવારે બાલાસિનોર પંથકમાં માવઠું થયું હતું. સવારે ૯ થી ૧૦ વાગ્યાના સમય ગાળામાં ધીમીધારે વરસાદ શરૂ થતો ચોમાસુ શરૂ થયું હોય તેવી સ્થિતિ ઉદ્ભવી હતી. કમોસમી વરસાદ થતા શિયાળુ વાવેતરને અસર થવાનો ભય ઊભો થતા ખેડૂત આલમમાં ચિંતા ઊભી થઈ છે. માવઠા બાદ આખો દિવસ દરમિયાન વાતાવરણમાં ધુમ્મસ જોવા મળ્યું હતું.



# મહીસાગર જીલ્લા ભાજપ દ્વારા લુણાવાડા પી.એન.પંડ્યા કોલેજ ખાતે વીર બાળ દિવસની ઉજવણી કરાઈ

લુણાવાડા, મહીસાગર જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા લુણાવાડા પી.એન.પંડ્યા કોલેજ ખાતે વીર બાળ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે કલરવ સ્કૂલના બાળકોએ નાટકના માધ્યમથી વીર બાળકો સાહિબજાદાઓના બલિદાનના શૌર્યસભર પ્રસંગને રજૂ કર્યો હતો.




આ અવસરે મુખ્ય વકતા વડોદરા મહાનગરના પૂર્વ મેયર અને ધારાસભ્ય કેયુરભાઈ રોકડીયાએ રાષ્ટ્ર અને ધર્મ માટે સાહિબજાદા બાબા જોરાવરસિંહ અને બાબા ફતેહસિંહનું બલિદાન ઈતિહાસમાં હરહંમેશ અમર રહે તે માટે આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨માં ગુરૂ ગોવિંદ સિંહજીના પ્રકાશ પર્વના પાવન દિવસે ૨૬ ડિસેમ્બરને 'વીર બાલ દિવસ' જાહેર કર્યો છે ત્યારે સાહિબજાદાઓની વીરતાને નતમસ્તક વંદન કરી પ્રેરણા લેવાની અપીલ કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે શીખ સમુદાયના દસમા ગુરૂ, ગુરૂ ગોવિંદ સિંહજીના ૪ પુત્રો હતા. ગુરૂ ગોવિંદ સિંહજી સૌથી નાના બે પુત્રો સાહિબજાદા બાબા જોરાવરસિંહ અને બાબા ફતેહસિંહનું રાષ્ટ્ર અને ધર્મ માટે બલિદાન સદૈવ યાદ રાખવામાં આવે છે. મુસ્લિમ આક્રંતાઓએ બંને સાહિબજાદાઓને ધર્મ પરિવર્તન કરી માથું ઝુકાવવા કહ્યું, પણ બંને સાહિબજાદાઓએ ધર્મ પરિવર્તન કરવાને બદલે દીવાલમાં ચણાવવાનું પસંદ કર્યું. સદૈવ રાષ્ટ્રને સમર્પિત શીખ સમુદાય રાષ્ટ્ર અને ધર્મની રક્ષામાં હંમેશા અગ્રેસર હોય છે. શીખ સમુદાયના ગુરૂઓએ આપણા દેશનું માન વધાર્યું છે. ગુરૂ નાનક દેવજીથી લઈ ગુરૂ ગોવિંદ સિંહજી સુધી શીખ સમુદાયના દસેદસ ગુરૂઓએ આપણને સૌને સેવા, શૌર્ય અને રાષ્ટ્ર સમર્પણનો સંદેશ આપ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા શીખ સમુદાયની પડખે ઊભા રહીને તેમના યોગદાનને સાચું સન્માન આપ્યું છે.

આ અવસરે મુખ્ય વકતા વડોદરા મહાનગરના પૂર્વ મેયર અને ધારાસભ્ય કેયુરભાઈ રોકડીયા, જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા, સંયોજક અજયસિંહ, ભાજપ હોદ્દેદારો કાર્યકરો, કોલેજના ટ્રસ્ટીઓ, સ્ટાફ ગણ, વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત કોલેજમાં વીર શહીદ સાહિબજાદા જોરાવરસિંહ અને ફતેસિંહજીની શૌર્યગાથાના પ્રસંગો વર્ણવતી પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને સૌએ નિહાળી હતી.

# પીપળાતા ખાતે પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ



નડિયાદ, જીલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે અનેકવિધ તાલીમ કાર્યક્રમનું આયોજન કરી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવતું હોય છે. જેના ભાગરૂપે નડિયાદ તાલુકાના પીપળાતા ગામના પ્રાકૃતિક ખેડૂત અરૂણભાઈ શાહના ખેતર પર ખેડૂતો માટે તાલીમ યોજાઈ હતી. જેમાં અંદાજીત ૧૫ ખેડૂતોએ ભાગ લીધો હતો.

તાલીમ અંતર્ગત પ્રાકૃતિક કૃષિના ફાર્મર માસ્ટર ટ્રેનર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો જેમ કે જીવામૃત, ઘનામૃત, બીજામૃત સહીત પાક સંરક્ષણના ઉપાયો તથા આચ્છાદન અને મિશ્ર પાકોની ઉપયોગીતા વિશે માહિતી આપવામાં આવી હતી. વધુમાં, ઉપસ્થિત ગ્રામ સેવક દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે આપવામાં આવતી યોજનાકીય લાભની પણ માહિતી આપી હતી. આ પ્રસંગે પ્રાકૃતિક ખેડૂત અરૂણભાઈ શાહે પોતાની પ્રાકૃતિક ખેતીનો અનુભવ રજૂ કર્યો હતો.

અભીનંદન....

પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

દુધ ઉત્પાદક.સ મંડળી.અગારા(ઊ)

તરફથી અભીનંદન....

મુ. અગારા
લીમખેડા,
જી. દાહોદ

ભાગવતકથામૃતમ્.

# ભક્તિમય જીવન જીવીએ, કૃષ્ણલીલાનું ચિંતન કરીએ તો જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે.

શહેરા, શહેરા તાલુકાના નવીવાડી ગામ ખાતે આવેલ અંબાજી માતાના મંદિરે તા.૨૪ થી ૩૦મી ડિસેમ્બર સુધી સંગીતમય પુનિત મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણ ચારસોથી વધુ કથા કરનાર રાજ્યના એકમાત્ર પ્રજ્ઞાચક્ષુ ભાગવતાચાર્ય ડો. કૃણાલભાઈ જોશી(અમદાવાદ) સંગીતમય શ્રેણીમાં ભાગવતના લીલા ચરીત્રોથી સભર મદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ ચાલી રહેલ છે.આજના નંદોમહોત્સવમાં બેંગલોરથી ગીતાબેન દેસાઇ, અમદાવાદથી સુરજીતસિંહ દાદા,રાજેન પટેલ,દશરથ પટેલ તથા સરોજબેન પરીવાર સહિત પધાર્યા હતા. ભાગવત સપ્તાહના ચોથા દિવસે વ્યાસપીઠ ઉપરથી અનેક ચરીત્રો તથા વસુદેવ–દેવકીના લગ્ન,ભગવાન કૃષ્ણનું પ્રાગટ્ય,જન્મોત્સવ ઘણા જ ધામમૂમથી સંગીતમય રીતે રજૂ કરી શ્રોતાઓને ભાવવિભોર કર્યા હતા. આવો જોઈએ કથાની રત્નકણિકાઓ..




વિષયમાં રાગ–આસક્તિની નિવૃત્તિ ઈશ્વરનો સાક્ષાત્કાર થાય ત્યારે થાય છે.સંસારમાં ફસાય તેને ભક્તિ રૂપી અમૃત મળતું નથી. સતત હરિસ્મરણ હશે તો માયા પજવશે નહી.જ્ઞાની પુરૂષો આકારને જોતા નથી સૃષ્ટિને નિરાકાર ભાવે જુવે છે. ભક્તિમાં ગૃહસ્થાશ્રમ નહી આસક્તિ બાધક છે.બ્રહ્માકાર મનોવૃત્તિથી માયાનું આવરણ દૂર થાય છે.આત્મા તો મુક્ત છે,મન–બુદ્ધિને મુક્ત કરવાનાં છે.રામે જે કર્યું તે અને કૃષ્ણે કહ્યું તેમ કરવાનું છે. નૃસિંહ અવતાર ક્રોધનો નાશ કેવી રીતે કરવો તે બતાવે છે.સંપત્તિ ભોગ માટે નહી ભક્તિ માટે છે તેને પરોપકારમાં વાપરજો.જેને ચારે બાજુ ભગવાન દેખાય તે અંબરીશ.ભક્તિમાં દુર્વાસના વિઘ્ન કરવા આવે છે.હું મોટો અને બીજો નાનો–હલકો એ દુર્વાસના છે.હું બીજાને સુખ આપીશ આ સદવાસના છે. જેનાથી ભક્તિ વધે છે. ભક્તનો દ્રોહ કરનારની રક્ષા કરવાનું સામર્થ્ય કોઈનામાં નથી.કર્કશવાણીએ કૃત્યા છે.પરમાત્માની પ્રાપ્તિ કરવી છે તો કામી અને વિલાસીનો સંગ ના કરો.

આપણા પુરાણો અને મદ ભાગવતમાં જ્યાં લીલા શબ્દ આવે છે, ત્યાં લીલા એટલે બનેલી ઘટના નહી પરંતુ તેના માધ્યમથી વ્યાસજી આપણને આધ્યાત્મિક અર્થ સમજાવવા માંગે છે. કૃષ્ણલીલામાં શુદ્ધ પ્રેમ છે, રામજીની લીલામાં મર્યાદા છે.કલહનું મૂળ પૈસા અને પ્રતિષ્ઠા છે.સમાજને સુધારવો કઠિન છે,પોતાના ઘર–મન અને સ્વભાવને સુધારો.જીભ ઉપર સંયમ રાખો.જેનામાં કામ ક્રોધ લોભ મોહ મત્સર–આ વિકારો છે તે રાક્ષસ.ભાગવત સાત દિવસમાં મુક્તિ આપનાર ગ્રંથ છે.જેનું મૃત્યુ નજીક હોય તેને શું કરવું? મન મરે તેને મુક્તિ મળે છે.સંસારના વિષયોનું ચિંતન છોડાવી મનને ઈશ્વરમાં જોડવાનું છે.કૃષ્ણલીલા નિરોધલીલા છે,મનનો નિરોધ કરવાનો છે.બ્રહ્મચિંતન કરતાં જેનું મૃત્યુ થાય તેને મુક્તિ મળે છે. જીવોના ચાર ભેદ છે:અધર્મથી ધન કમાઇ અનીતિથી ભોગવે તે પામર,ધર્મથી કમાઇ ઈન્દ્રિયસુખ ભોગવે તે વિષયી, સંસારના બંધનથી છુટવાની ઈચ્છા રાખનાર મુમુક્ષુ અને માયાના બંધનમાંથી છુટેલા અને પ્રભુમાં તન્મય થયેલા મુક્ત.ઈશ્વરમાં મનનો લય કરવો તે મનનો નિરોધ છે.ઉઘાડી આંખે જગત ના દેખાય અને પરમાત્મા દેખાય તે જ્ઞાન સાચું.વાસુદેવ સત્વગુણ અને દેવકી નિષ્કામબુદ્ધિ છે.બંન્નેનું મિલન થાય એટલે ભગવાનનો જન્મ થાય છે. જે બીજાને યશ આપે તે યશોદા. જે વાણી–વિચાર અને વર્તનથી સર્વને આનંદ આપે તે નંદ.પ્રત્યક્ષ પ્રભુના દર્શન થયા પછી પણ દયાન કરવાની જરૂર છે.જ્ઞાનનો દીવો પ્રગટ થયા પછી પણ જો ઈન્દ્રિયનો એકાદ દરવાજો ઉઘાડી રહી જાય તો જ્ઞાનદીપ બુઝાય છે.મસ્તકમાં બુદ્ધિ છે તેમાં પરમાત્માનો અનુભવ કરવાનો છે.મારા શરીરથી હું ભિન્ન છું એવા આત્મજ્ઞાન સમાન પવિત્ર આ સંસારમાં બીજું કંઈ નથી.

ઈશ્વરનું પ્રાગટ્ય તે ઉત્સવ.સંસારના સુખ–દુઃખની અસર મન ઉપર ના પડે તે માટે ઉત્સવ કરવાનો. હૃદયમાં પ્રભુ પધારે તો સુખ–દુઃખની અસર થતી નથી.જીવ ઈશ્વરનાં દર્શન કરે ત્યારે વચમાં માયાનો પડદો આવે છે.જેના હૈયામાં ઝેર છે અને શરીર સુંદર છે,જે પવિત્ર નથી તે પૂતના,પૂતના વાસનાનું સ્વરૂપ છે.વાસના આંખમાંથી અંદર આવે છે.વાસના પાંચ જ્ઞાનેનદ્રિયો,પાંચ કર્મેન્દ્રિયો,મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર આ ચૌદ ઠેકાણે રહે છે તે બતાવવા પૂતના ચૌદશના દિવસે ગોકુળમાં આવી તેમ બતાવ્યું છે.વાસનાનો વિનાશ થાય તો જ ભક્તિ થાય છે.ગૃહસ્થાશ્રમ ગાડું છે,પતિ–પત્ની બે પૈડાં છે,આ ગાડાના સારથી ભગવાનને બનાવો તો સીધા રસ્તે લઈ જશે.ઈશ્વર સાથે જે ભાવથી જેવો સબંધ જોડો તે ભાવ પ્રમાણે પરમાત્મા સ્વ–રૂપ ધારણ કરે છે. ચૌરાશી લાખ યોનિઓમાં ભ્રમણ કર્યા પછી પાપ–પુણ્ય સરખાં થાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે.

ભાગવતની કથા મરતાં પહેલાં મનુષ્યને મુક્તિ આપે છે. જ્ઞાનીની અંદર સંસાર રહેતો નથી. વિષયસુખ ભોગવ્યા પછી ક્ષણિક વૈરાગ્ય આવે છે પણ માયા તેને ટકવા દેતી નથી. ભક્તિમય જીવન જીવીએ,કૃષ્ણલીલાનું ચિંતન કરીએ તો જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે.સંસારના વિષયોનું વિવેકથી મંથન કરવાથી ભક્તિરૂપી માખણ મળે છે. ભક્તિના કિનારે બે વિઘ્ન આવે છે: વત્સાસુર–અજ્ઞાન–અંધશ્રદ્ધા અને બકાસુર–દંભ.અઘાસુર એટલે પાપમાં જેના પ્રાણ રમે છે.કાલિયનાગ ઈન્દ્રિયાદયાસનું પ્રતિક છે. ઈન્દ્રિયોમાં વાસનાનું ઝેર હોય ત્યાં સુધી ભક્તિ થતી નથી. વેણુગીત એ નાદબ્રહ્મની ઉપાસના છે. નામબ્રહ્મમાં મનનો લય ના થાય ત્યાં સુધી નાદબ્રહ્મ થતો નથી. નાદબ્રહ્મથી પરબ્રહ્મ મળે છે. ગો–એટલે ભક્તિ–જ્ઞાન, તેને વધારનારી લીલા એ ગોર્વધનલીલા. બ્રહ્મવિદ્યાનો જે પર્વત છે. એના નીચે આખું વ્રજ આવીને બેઠું છે. હવે ઈન્દ્ર બાર મેઘ આપે તો એ આ ક્ષેત્રને આંચ આવવાની નથી. માયા જયાં ના જઈ શકે એને ગોવર્ધન કહેવાય.જડ–ચેતનમાં ઈશ્વરનો અનુભવ થાય ત્યારે જ્ઞાન–ભક્તિ વધે છે.

# આપની આજ.......

મેષ: વર્તમાન સમય સફળતાભર્યો રહી શકે છે. બદલાતા વાતાવરણથી સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. ઘરમાં નજીકના વ્યક્તિઓ આવવાથી ઉત્સાહભર્યું વાતાવરણ રહી શકે છે.

વૃષભ: તમારા પોઝિટિવ વિચાર તમને સ્વસ્થ રાખશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઈ શકે છે. વ્યવસાય તથા નોકરીમાં કોઈ પ્રકારની રાજનીતિનો સામનો કરવો પડી શકે છે.

મિથુન: પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં પારદર્શિતા જાળવી રાખો. લક્ષ્ય પ્રાપ્તિમા કોઈ નજીકના સંબંધીનો પણ સહયોગ પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિમાં પણ થોડી ભાગદોડ શક્ય છે.

કર્ક: તમારા વ્યક્તિગત કાર્યોમાં કોઈ બહારના વ્યક્તિને સામેલ ન કરો. સ્વાસ્થ્ય સારું રહેશે. કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી હાજરી તથા એકાગ્રતા ખૂબ જ જરૂરી રહેશે.

સિંહ: આજે મોટાભાગનો સમય માર્કેટિંગ તથા બહારની ગતિવિધિઓને પૂર્ણ કરવામાં જ પસાર થશે. સ્વાસ્થ્યને લગતી સમસ્યામાંથી રાહત મળી શકે છે. આર્થિક સ્થિતિને મજબૂત કરવાની તમારી કોશિશ સફળ રહેશે.

કન્યા: પતિ-પત્ની વચ્ચે રોમેન્ટિક સંબંધ રહી શકે છે. ઘરમાં કોઈ વાતને લઈને વાતાવરણ ખરાબ થઈ શકે છે. તમારા આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતામાં વધારો થઈ શકે છે. જરૂરી કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે.

તુલા: પતિ-પત્ની વચ્ચે સંબંધ ગાઢ બનશે. ધૈર્યપૂર્વક પરિસ્થિતિઓને પોઝિટિવ બનાવો. સંબંધને મજબૂત જાળવી રાખવામાં તમારી કોશિશ મહત્ત્વની રહેશે.

વૃશ્ચિક: વ્યવસાયિક ગતિવિધિઓ આજે મંદ જ રહેશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઈ શકે છે. પારિવારિક સભ્યો સાથે સમય પસાર કરશો.

ધન: વ્યવસાયિક વ્યવસ્થામાં સુધાર આવશે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી તમારી કોશિશમાં સફળતા મળવાના યોગ બની રહ્યા છે. ઘરનું વાતાવરણ પોઝિટિવ રહી શકે છે.

મકર: આ સમયે ગ્રહ ગોચર તથા ભાગ્ય વ્યવસાયિક દૃષ્ટિએ તમારા પક્ષમાં છે. આજે કોઈપણ પ્રકારની યાત્રા ન કરો. પારિવારિક સભ્યોની વચ્ચે યોગ્ય તાલમેલથી ઘરની ઊર્જા પોઝિટિવ રહેશે.

કુંભ: અન્યના માલમે કોઈપણ પ્રકારની દખલ ન કરો. દિવસની શરૂઆતમાં થોડી કારોબારી સમસ્યા તથા પરેશાનીઓ આવશે. જીવનસાથી પાસેથી વધારે આશા રાખવી એકબીજા સાથેના સંબંધોમાં અંતર વધારી શકે છે. નજીકના સંબંધીઓ સાથે થોડો સમય પસાર કરવો.

મીન: વ્યવસાયિક દૃષ્ટિએ સમય ધનદાયક રહી શકે છે. સંયુક્ત પરિવારમાં થોડા વાદ-વિવાદની સ્થિતિ બની શકે છે. કોઈ મહત્ત્વપૂર્ણ કામ બનવાથી મનમાં પ્રસન્નતા રહેશે. પારિવારિક જીવન સુખદ રહી શકે છે.

# દાહોદ શહેરને સ્માર્ટ બનાવવા અત્યાર સુધીમાં રૂા. ૭૧૦.૪૨ કરોડ ખર્ચાયા છતાં પાયાની સુવિધાઓના નામે મીંડું

દાહોદ,

સ્માર્ટ સીટી અંતર્ગત ગુજરાતમાંથી દાહોદ સહિત ૬ શહેરોને પસંદ કરવામાં આવ્યા હતા. દાહોદમાં સ્માર્ટ સિટીમાં કુલ ૩૬ પ્રોજેક્ટ પૈકી ૨૭ પ્રોજેક્ટ પાછળ અત્યાર સુધીમાં રૂપિયા ૭૧૦.૪૨ કરોડ ખર્ચવામાં આવ્યા છે અને હજુ ૯ પ્રોજેક્ટના કામ ચાલુ છે અને તે કામ પાછળ રૂપિયા ૨૭૪.૦૪ કરોડ ખર્ચવામાં આવનાર છે. અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ખર્ચાઈ ચૂક્યા છતાં સુવિધાઓના નામે હજુ મીંડું જ જોવા મળી રહ્યું છે.






શહેરી માળખાકીય સુવિધાઓ, જીવનની ગુણવત્તા અને ટકાઉ વિકાસને વધારવા માટે ભારત સરકારે ૨૫ જૂન ૨૦૧૫ના રોજ સ્માર્ટ સિટીઝ મિશનની શરૂઆત કરી હતી. આ મિશનનો હેતુ સામાજીક, નાણાકીય અને સંસ્થાકીય પાસાઓ નો વિકાસ કરીને શહેરોને મોડેલ શહેર વિસ્તારોમાં પરાવર્તિત કરવાનો છે. આ મિશન હેઠળ સમગ્ર ભારતમાંથી ૧૦૦ શહેરોને પસંદ ઊંડા કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતમાંથી દાહોદ, અમદાવાદ, સુરત, વડોદરા,ગાંધીનગર અને રાજકોટ એમ કુલ ૬ શહેરોની પસંદગી કરવામાં આવી છે. સ્માર્ટ સિટીમાં વધુ સારી હેલ્થ કેર સિસ્ટમ, ગવર્નેન્સ, ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ, સિક્યુરિટી સર્વેલંસ, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોજગારની તકો જેવી સુવિધાઓ સામેલ છે. શહેરોમાં વધી રહેલી ભીડ અને ટ્રાફિકને ઘટાડવાનું, નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું અને પ્રદૂષણ ઘટાડવાનું લક્ષ્ય સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સેવવામાં આવ્યું છે. એટલું જ નહીં રોડ એક્સિડન્ટો રોકવા તેમજ સાયકલો માટે અલગ માર્ગ બનાવવા જેવી સુવિધાઓ વિકસાવવામાં આવે છે. સ્માર્ટ સિટી અંતર્ગત શહેરીજનોને વિવિધ પ્રકારની ઉત્તમ સુવિધાઓ પ્રદાન કરવાનું જણાવાયું છે અને સ્માર્ટ સિટી હેઠળ દાહોદમાં કરોડો રૂપિયા ખર્ચાયાનો દાવો કરાય છે પરંતુ નાગરિકો માટે સુવિધાઓને નામે હજી મીંડું જ જોવા મળે છે. કેટલા કરોડ પહોળા જરૂર કરવામાં આવ્યા છે. પરંતુ વાહન પાર્કિંગની સુવિધા હજી સુધી કોઈ પણ જગ્યાએ પ્રદાન કરવામાં આવી નથી. શહેરમાં કેટલીક જગ્યાએ રોડની બંને બાજુ અને કેટલીક જગ્યાએ રોડની એક બાજુ ફૂટપાથ બનાવવામાં આવી છે. કોઈક જગ્યાએ ફૂટપાથ પહોળી છે તો કોઈ જગ્યાએ ફૂટપાથ સાંકડી છે. અને ફૂટપાથ પર બેસાડવામાં આવેલા પેવર બ્લોકના કામમાં પણ કેટલીક જગ્યાએ તો ભલીવાર જોવા મળતો નથી. હાલ તો નગરજનો રોડની બાજુમાં બનાવેલી ફૂટપાથનો ઉપયોગ મહદંશે વાહનો પાર્ક કરી કરવામાં તેમજ પોતાની દુકાનોનો સામાન બહાર મૂકવામાં તથા હાથ લારીઓ વાળા હાથ લારી પાર્ક કરવામાં કરતા જોવા મળી રહ્યા છે. હા સ્માર્ટ સિટી અંતર્ગત દાહોદના ઐતિહાસિક છાબ તળાવનું રીનોવેશન જરૂર થયું છે. અને તેને સિધ્ધરાજ જયસિંહ તળાવ નામ આપવી એક પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે. તે ખરેખર સરાહનીય છે. જ્યારે બીજી બાજુ શહેરના સીમાડે એક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પણ બનાવવામાં આવ્યું છે. સાથે સાથે શહેરની બહાર ટ્રાન્સપોર્ટ નગર પણ બનાવવામાં આવી રહ્યુંછે અને તેનું કામ હાલ ચાલુ છે. દાહોદ શહેરને સ્માર્ટ બનાવવા કુલ ૩૬ પ્રોજેક્ટ નિર્ધારિત કર્યા છે. અને તે તમામ પ્રોજેક્ટ પાછળ કુલ રૂપિયા ૯૮૪.૪૬ કરોડ નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. અને અત્યાર સુધીમાં કુલ ૩૬ પ્રોજેક્ટ પૈકી ૨૭ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે અને તે ૨૭ પ્રોજેક્ટ પાછળ કુલ રૂપિયા ૭૧૦.૪૨ કરોડ નો ખર્ચ થઈ ચૂક્યો છે. જ્યારે ૯ પ્રોજેક્ટનું કામ હાલ ચાલી રહ્યું છે. અને તેની પાછળ રૂપિયા ૨૭૪.૦૪ કરોડનો ખર્ચ થનાર છે. આમ તો સ્માર્ટ સિટીના નિયમ મુજબ પીવાનું પાણી રોજ આપવાનું હોય છે તેમજ રોડ ગટર અને લાઈટની ઉત્તમ પ્રકારની સુવિધાઓ પ્રદાન કરવાની હોય છે. પરંતુ દાહોદ શહેરને સ્માર્ટ બનાવવામાં ૭૧૦.૪૨ કરોડ રૂપિયા ખર્ચાયા છતાં દર ત્રીજે દિવસે પાણી આપવામાં આવે છે. ભૂગર્ભ ગટર બનાવી તો છે પરંતુ છાશવારે ગટર ઉભરાતા ગટરના દુર્ગંધ મારતા ગંદા પાણી રોડ પર રેલાતા જોવા મળી રહ્યા છે. અઘઘ થઈ જાય એટલો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં પાયાની સુવિધાઓ મેળવવા દાહોદ વાસીઓને હજી કેટલી રાહ જોવી પડે તે હવે જોવું રહ્યું!!!!!!

## દાહોદ જિલ્લાના ૭ કારકુનોને નાયબ મામલતદાર તરીકે હંગામી બઢતી : ૪૬ નાયબ મામલતદાર અને કારકુનોની આંતરિક બદલી કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લામાં જિલ્લા પંચાયત અને મામલતદાર કચેરીમાં નકલી એન.એ.કચેરીનુ કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ આખા જિલ્લાના મહેસુલી વિભાગમાં હંગામી બઢતી સાથે કારકુન અને તલાટીઓની બદલીનો ગંજીફો ચીંપાયો છે. ૭ નાયબ મામલતદારોને હંગામી બઢતી અપાઈ જયારે ૪૬ નાયબ મામલતદાર કારકુન અને તલાટીઓની બદલી કરાઈ હતી. આ બદલીઓથી કયાંક ખુશી તો કયાંક છુપી નારાજગી જોવા મળી હતી. કલેકટર દ્વારા વહીવટી કારણોસર આ બદલીઓ કરાઈ હોવાનુ જાણવા મળ્યુ હતુ.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લામાં ચુંટણી સંબંધિત મહેકમની હંગામી જગ્યાઓ મંજુર કરવામાં આવી છે. ત્યારે હંગામી નાયબ મામલતદારની બઢતી માટેની ખાતાકિય પસંદગી સમિતિની બેઠકમાં હાલમાં દે.બારીયા, દાહોદ, ઝાલોદ, સંજેલીની મામલતદાર કચેરી અને દાહોદ કલેકટર કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા ૭ લોકોને નાયબ મામલતદાર તરીકેની તદ્દન હંગામી ધોરણે ચુંટણીની કામગીરી માટે બઢતી આપીને તેમની બદલી કરવામાં આવી હતી. આ સાથે દાહોદ કલેકટર કચેરીમાં વિવિધ શાખાના વિવિધ ટેબલ સંભાળતા ૧૯, ગરબાડા મામલતદાર કચેરીના ૩, દે.બારીઆ મામલતદાર કચેરીના ૩, ધાનપુર મામલતદાર કચેરીના ૧, દાહોદ મામલતદાર કચેરીના ૪, ઝાલોદ મામલતદાર કચેરીના ૩,ફતેપુરા મામલતદાર કચેરીના ૧, સીંગવડ મામલતદાર કચેરીના ૧ નાયબ મામલતદારની આંતરિક બદલી કરવામાં આવી હતી. આ સાથે દાહોદ, ઝાલોદ, સંજેલી, દે.બારીઆ અને ધાનપુરમાં મામલતદાર કચેરીઓમાં ફરજ બજાવતા ૬ કારકુન અને ૪ મહેસુલી તલાટીની બદલી પણ કરવામાં આવી હતી.

## દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં વિક્રમ સારાભાઈ અંતરીક્ષ પ્રદર્શનનું ભવ્ય આયોજન કરાયું

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ માં તા.૨૪,૨૫,૨૬ ડિસેમ્બર ના રોજ વિક્રમ સારાભાઈ અંતરિક્ષ પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિ દિવસીય કાર્યક્રમ માં આશરે ૧૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૫૦૦૦ જેટલી જાહેર જનતા એ ભાગ લીધો હતો.




આ પ્રદર્શનમાં ISRO દ્વારા કરવામાં આવેલી કામગીરીની શોર્ટ ફિલ્મ, ISRO દ્વારા કરવામાં આવેલા દરેક મિશન તથા તે પાછળના વિજ્ઞાનિક કારણોની માહિતીના વર્કિંગ મોડલ, પેનલ મૂકવામાં આવ્યા હતા. આ સાથે સ્પેસ ઓન વ્હીલ તથા રોકેટ લોન્ચિંગ જેવા પ્રયોગોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સંપૂર્ણ કાર્યક્રમ શાળા અને કોલેજ ના સમન્વય થી કરવામાં આવ્યો હતો.જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ એ volunteer તરીકે ભાગ લીધો હતો.

આ સાથે SAC, ISRO માંથી આવેલ વૈજ્ઞાનિકો સાથે મુલાકાત કરવાનો ના મોકો પણ વિદ્યાર્થીઓ ને મળ્યો.

આ સાથે ત્રણ દિવસ volunteer તરીકે કામ કરનાર દરેક વિદ્યાર્થીઓ ને પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન આપ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમ કોલેજના કાર્યકારી આચાર્ય ડો.ગૌરાંગ ખરાદીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

## ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામે હિન્દુ ધર્મ છોડી ખ્રિસ્તી ધર્મ અપનાવેલા લોકોએ ઘર વાપસી કરી

ફતેપુરા,

ભારતમાં ભારતના નાગરિકને પોતાની મરજી પ્રમાણે કોઈપણ ધર્મ પાડવાની છૂટ છે. પરંતુ તેનો અર્થ એ નથી કે અન્યના ધર્મના લોકોને લોભ લાલચ આપી ધર્મ ખંડિત કરાવી ધર્મ પરિવર્તન કરાવવું. છતાં પણ ગુજરાતના કેટલાક ગામડાઓમાં આદિવાસી તેમજ અન્ય સમાજના ગરીબ લોકોને સમજાવી પટાવી દવા વિના દુઆથી સાજા કરવાની લાલચ આપી ધર્મ પરિવર્તન કરાવાતું હોવાની અનેકવાર બુમો ઉઠે છે અને આવી લોભ લાલચમાં આવેલા કેટલાક લોકો ધર્મ પરિવર્તન કરી પણ લે છે. પરંતુ સમય જતા તેવા લોકોને પોતાના જન્મ નો ધર્મ પરિવર્તન કરી ખોટો રસ્તો અપનાવ્યો હોવાનું ભાન થતાં પરત



ઘર વાપસી કરતા હોય છે. તેવા અનેક કિસ્સાઓ અગાઉ બની ચૂક્યા છે. હાલ તેવોજ કિસ્સો ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામે બનવા પામેલ હોવાનું જાણવા મળે છે.

ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામના તેમજ આજુબાજુના લોકો હિન્દુ ધર્મ છોડી ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. ત્યારે ખ્રિસ્તી ધર્મમાં મોહ ભંગ થતા પુનઃઘરવાપસી કરતાં ફતેપુરા તાલુકા પ્રમુખ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામના પાંચેક જેટલા પરિવારો થોડા વર્ષ પહેલાં હિન્દુ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો હતો. ખ્રિસ્તી ધર્મમાં રહી પોતાનું જીવન ગુજારતા હતા.પરંતુ ખ્રિસ્તી ધર્મમાં મોહ ભંગ થતા પુનઃ હિન્દુ ધર્મ અપનાવતા ફતેપુરા તાલુકાના તાલુકા પ્રમુખ ભરતભાઈ પારગી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.ખ્રિસ્તી માંથી ઘર વાપસી થયેલા પાંચ જેટલા પરિવારોને ભરતભાઈ પારગી દ્વારા સાલ ઓઢાડી, ફૂલહાર પહેરાવી,ગામમાં હવન કરી, માતાના મંદિરે ભજન મંડળી રાખીને એક કુંડી યજ્ઞ કરી તેમની ઘર વાપસીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે હજી આવા કેટલાક પરિવારો ખ્રિસ્તી ધર્મ છોડી પુનઃહિન્દુ ધર્મ અપનાવશે તેમ જણાઈ રહ્યાં હોવાનું જણાવ્યું હતુ.

## લીમખેડાના ચીલાકોટા ગામે યુવતિને એક યુવક અને તેના મિત્રોએ સંબંધના ફોટાઓ વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે એક ૨૩ વર્ષિય યુવતીને એક યુવકે તેના ત્રણ મિત્રોની મદદથી સગીરા સાથેના પ્રેમ સંબંધના ફોટાઓ વાઈરલ કરવાની ધમકીઓ આપી યુવકે લગ્ન કરવાને ઈરાદે યુવતીનું પોતાના મિત્રોની મદદથી અપહરણ કરી લઈ અવાર નવાર યુવતીની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરતાં આ સંબંધે દુષ્કર્મનો ભોગ બનેલ યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાંવી હોવાનું જાણવા મળે છે.

ગરબાડાના નેલસુર ગામે રહેતો રોહીત મેઘજીભાઈ પરમારે લીમખેડા તાલુકામાં રહેતી એક ૨૩ વર્ષિય યુવતી સાથે પ્રેમ સંબંધ હોઈ પ્રેમ સંબંધમાં રોહીતે પ્રેમ સંબંધના ફોટાઓ વાઈરલ કરી દેવાની યુવતીને ધમકીઓ આપી રોહીતે પોતાના સાથી મિત્રો રાકેશભાઈ રમેશભાઈ પરમાર, જતીનભાઈ હીમસીંગભાઈ પરમાર અને રાહુલભાઈ દલુભાઈ પરમારની મદદ લઈ ગત તા. ૨૬.૦૪.૨૦૨૪ના રોજ યુવતીને રોહીતભાઈ પોતાની પત્નિ તરીકે રાખવા માટે પોતાના મિત્રોની મદદથી અપહરણ કરી લઈ યુવતીની મરજી વિરુદ્ધ અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હતું. ત્યારે બનાવના નવ માસ જેટલા સમય બાદ યુવતી રોહીતના ચંગુલભાઈ છુટી પોતાના પરિવારજનો પાસે પરત આવી પોતાની સાથે વિતેલ આપવીતી પોતાના પરિવારજનોને કરતાં આ સંબંધે પરિવારજનોને સાથે રાખી યુવતીએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સિંગવડ તાલુકાના કેળકુવાના જંગલ વિસ્તારમાં દીપડો મૃત્યુ હાલતમાં મળી આવતા ચકચાર

દાહોદ,

દાહોદ જીલ્લાના સિંગવડ તાલુકાના કેળકુવા ગામે અનામત જંગલ વિસ્તારના સર્વે નંબર-૭માં દીપડો ઘાયલ હાલતમાં હોવાની જાણ ફોરેસ્ટ ઓફિસના જમાદાર જે.પી. ડામોરને ૯:૩૦ કલાકે મળતા વન વિભાગના આર.એફ.ઓ એમ.એન. પ્રજાપતિ એ.સી.એફ કે.એન. ખેર તથા પશુ ચિકિત્સક અધિકારી કે.કે.પ્રજાપતિની ટીમ સાથે જંગલમાં પહોંચી તપાસ કરતા દીપડો ઉંમર બે વર્ષ આશરે માંદા જે મૃત્યુ પામેલ જણાવેલ હતું. જેના શરીર પર ઈજાના નિશાન હતા તથા આજુબાજુના વિસ્તારમાં લોહીના ડાઘ તથા પગના પંજાના નિશાન જોવા મળેલ હતા. આ દીપડાનું મૃત્યુ અન્ય દીપડા સાથે આંતરિક લડાઈમાં થયેલ હતું. જેવું પીએમ પેનલ ડોકટર તથા સરકારી



પંચોની હાજરીમાં માતાના પાલ્લાની નર્સરી ખાતે કરવામાં આવેલ હતું. ત્યારબાદ દીપડાને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. જયારે વન્ય પ્રાણીઓ ખોરાક માટે પોતાનો અસ્તિત્વ ટકાવી રાખવા માટે અને પોતાના સીમિત વિસ્તારમાં બીજું વન્ય પ્રાણી આવી જાય ત્યારે આવી આંતરિક લડાઈ થતી હોય છે, તેમ ફોરેસ્ટ ઓફિસના આર.એફ.ઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
શ્રીમતી સવિતાબેન કનકસિંહ નિનામા
તરફથી અભીનંદન....
મુ. પાડલીયા
લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી જયશિવશક્તિ ડાયમંડ આ.ઔ મંડળી
તરફથી અભીનંદન....
મુ. પહાડ
લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મહેન્દ્રભાઈ દલસિંગભાઈ ગોદિયા
તરફથી અભીનંદન....
મુ. કાળીયારાઈ
લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પ્રદિપભાઈ વીરસીંગભાઈ ગોદીયા
તરફથી અભીનંદન....
મુ. કાળીયારાઈ
લીમખેડા,
જી. દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.109

# ગોધરા તાલુકાના ભલાણીયા દુધ ડેરીના સેક્રેટરી દ્વારા મહિલા સાથે શારીરિક અડપલા કરી બળજબરી બળાત્કાર કરતાં વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

ગોધરા,

ગોધરા તાલુકાના ભલાણીયા ગામ દુધ ડેરી સેક્રેટરી દ્વારા ફરિયાદી મહિલા સાથે ખોટું કામ કરવાના ઈરાદે અવારનવાર અઘટીત માંગણી કરી હતી અને મહિલા પોતાના ઘરની પાછળ આવેલ ખેતરમાં ઘાસ લેવા ગયેલ હોય ત્યારે આરોપી સેક્રેટરીએ મહિલાને પાડી દઈ બળજબરી પૂર્વક શારીરિક સંબંધ બનાવ્યો હતો અને ત્યારબાદ પણ ફરિયાદી મહિલા દુધ ભરવા જતી ત્યારે શારીરિક અડપલા કરી જો કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા હોય આ બાબતે વેજલપુર પોલીસ મથકે ડેરીના સેક્રેટરી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા તાલુકાના ભલાણીયા ગામે આવેલ દુધની ડેરીમાં ફરિયાદ મહિલા ત્રણ મહિના પહેલા સાંજના સમયે દુધ ભરવા માટે ભલાણીયા ગામ દુધની ડેરીમાં ગયા હતા અને ડેરીમાં બીજા માણસો ન હોય ત્યારે ડેરીના સેક્રેટરી શૈલેષભાઈ ઉર્ફે લાલાભાઈ છત્રાભાઈ રાઠોડ એ તમારે બીજી ગાય જોઈતી હોય કહે જો હું તમને ફ્રીમાં ગાય અપાવી દઈશ તેમજ ડેરીને લગતી ઘણી સહાય યોજના ચાલે છે. તેનો લાભ લેવો હોય તો તેના માટે ડોકયુમેન્ટ આપવા પડશે. જેમાં મારી સાથે તમારે ફોટો પડાવો પડશે તેમ કહીને ફરિયાદી મહિલા સાથે સેક્રેટરી દ્વારા ૭ થી ૮ વખત અલગ અલગ દિવસે ફોટો પાડેલ હતો. ઓગસ્ટ મહિનામાં ડેરીમાં દુધ ભરવા માટે જતી હતી. ત્યારે સેક્કેકટરી શૈલેષભાઈ ઉર્ફે લાલાભાઈ હેરાન કરતો હતો અને અઘટીત માંગણી કરતો હતો અને શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતો હતો. આ બાબતે કોઈને વાત કરી ન હતી. થોડા દિવસ બાદ જયારે ફરિયાદી મહિલા ઘરની પાછળ આવેલ ખેતરમાં ઘાસ કાપતી હોય ત્યારે ડેરીના સેક્રેટરી શૈલેષભાઈ ઉર્ફે લાલાભાઈ આવ્યો હતો અને મહિલાને પાછળથી પકડીને બળજબરી પૂર્વક મહિલા શારીરિક સંબંધ બાંધ્યો હતો. મહિલા ગભરાઈ ગયેલ હોય જેને લઈ ઘરમાં આ બાબતે વાત કરી ન હતી. આજે દિવસે સાંજે ડેરીમાં દુધ ભરવા ગઈ હતી. ત્યારે આરોપી સેક્રેટરી શૈલેષભાઈ ઉર્ફે લાલાભાઈએ જો સવાર વાળી વાત કોઈને કરીશ તો આવી બનશે તેવું જણાવ્યું હતું. ત્યારબાદ જયારે પણ ડેરીમાં દુધ ભરવા મહિલા જતી ત્યારે શારીરિક અડપલા કરતો હતો. બાદમાં બીજી વખત પણ બળજબરીથી શારીરિક સંબંધ બનાવવા માટે પ્રયત્ન કર્યો હતો. ડેરીના સેક્રેટરી દ્વારા થતી હેરાનગતિની જાણ મહિલાએ તેના પતિને કરી હતી અને મહિલાના પતિ દ્વારા ડેરીના સભ્યોને જાણ કરતાં તા.૨૪/૧૨/૨૦૨૪ના રોજ મીટીંગ ભરવામાં આવી હતી. આ મીટીંગમાં ફરિયાદી મહિલાના પતિ અને દિયર અને કાકાના છોકરો મીટીંગમાં ગયા હતા પરતુ મીટીંગમાં કોઈ નિકાલ થયો ન હતો અને મહિલાનું કે તારો પતિ આ રસ્તે આવતા જતા નહિ કઈ થશે તો મારી જવાબદારી નહિ તેમ જણાવીને ધમકી આપેલ હોય જેને લઈ ભોગબનનાર મહિલા દ્વારા વેજલપુર પોલીસ મથકે ભલાણીયા દુધ ડેરીના સેક્રેટરી શૈલેષભાઈ ઉર્ફે લાલાભાઈ રાઠોડ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. વેજલપુર પોલીસ દ્વારા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૧), ૭૪,૭૫(I), ૩૫૧(૩), ૧૧૫(૨) મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ચેક રિટર્ન થવાના કેસમાં આરોપીને ૧ વર્ષ જેલની સજા અને રૂપિયા ૬ લાખ ૯ % વ્યાજ સહિત ફરિયાદીને વળતર ચૂકવવાનો હુકમ કરતી અદાલત

ગોધરા,

રોજ બરોજના નાણાકીય વ્યવહારોમાં સમાજમાં ચેકની વીસવશનીયતામાં લોકોને ભરોશો રહે તે માટે કોર્ટો દ્વારા પણ ચેક રિટર્ન થવાના કેસોમાં ગુનેગારો સામે લાલ આંખ કરવામાં આવી રહેલી છે. ગોધરા કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસોના ગુનેગારોમાં દાખલો બેસે તેવો મહત્વનો હુકમ કરવામાં આવેલ છે.

વિગતવાર મળેલી માહિતી મુજબ ફરિયાદી કલ્પેશ ટેકચદ લાલવાણી રહેવાસી ભૂરાવાવ ગોધરા નાઓની પાસેથી આરોપી કિશનચંદ વિસનદાસ ઠક્કર રહેવાસી ગ્રીન પાર્ક સોસાયટી ગોધરા નાએ પોતાના રાજેશ ટ્રેડિંગ ધંધામાં જરૂર હોવાથી રૂપિયા ૬લાખ હાથ ઉછીના લીધા હતા. તે રકમની ફરિયાદીએ ઉઘરાણી કરતા તે રકમની પરત ચુકવણી પેટે આરોપીએ ફરિયાદીને પોતાની જનતા કો.ઓપ બેન્ક ગોધરાનો રૂપિયા ૬ લાખ નો ચેક લખી આપેલ હતો, પરંતુ તે ચેક ફરિયાદીએ પોતાની બેંક મારફતે કિલયરિંગ માં મોકલતા બેલેન્સ ન હોવાના કારણસર ચેક પરત કરેલ – તેથી કાયદેસરની નોટિસ આપવા છતાં આરોપીએ ફરિયાદીને ચેકની રકમ ચુકેવેલી નહિ . તેથી ફરિયાદીએ ગોધરા કોર્ટમાં ચેક રિટર્ન ગુનાની ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગોધરા કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં રજુ થયેલ પુરાવાઓ અને ફરિયાદી તરફે એડવોકેટ અશોક સામતાણી ની દલીલોને દયાનમાં લઈને ગોધરાના જયુ. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ જજ કે.એસ.મોદીએ આરોપીને ચેક રિટર્ન થવાના ગુનામાં કસુરવાન ઠરાવીને આરોપીને ૧ વર્ષ કેદની સજા ભોગવવા નું અને ફરિયાદી ને રૂપિયા ૬ લાખ વાર્ષિક ૯% વ્યાજ સહિત વળતર અને જો વળતર રકમ ન ભરે તો વધુ ૧ મહિનાની સજાનો દાખલો બેસાડતો હુકમ કરેલ છે. જજમેન્ટ ના દિવસે આરોપી કોર્ટમાં ગેર હાજર હોવાથી કોર્ટે આરોપીનું સજાનું ધરપકડ વોરંટ જીલ્લા પોલીસ વડા દ્વારા બજવણી કરવા હુકમ કરેલ છે.

# શહેરા ગોકુલેશ સોસાયટી ખાતે ભુર્ગભ ગટરની કામગીરી ધીમી પડતા નગરજનો પરેશાન



શહેરા,

શહેરા નગરમાં ગોકુલેશ સોસાયટી ખાતે ભૂગર્ભ ગટરની કામગીરી ધીમી ચાલી રહી હોવાથી ત્યાંથી પસાર થતા નગરજનો હેરાન પરેશાન થઈ રહ્યા હતા. જોકે ભૂગર્ભ ગટરની કામગીરી દરમિયાન રસ્તા વચ્ચેથી તોડી નાખવા સાથે રસ્તા પર આવેલા વળાંકના કારણે બાઈક ચાલકોને અકસ્માતનો થવાનો ડર સતાવી રહ્યો છે.

શહેરા નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ગોકુલેશ સોસાયટીમાં ભૂગર્ભ ગટરની કામગીરી મંથરગતિએ ચાલી રહી હોવા સાથે રસ્તાઓ પણ વચ્ચેથી તોડી નાખવામાં આવતા પસાર થતા વાહન ચાલકો હેરાન પરેશાન થઇ રહયા હતા. આ સોસાયટીમાં ભૂગર્ભ ગટરની કામગીરી શરૂ કર્યા બાદ અચાનક બંધ કરી દેવામાં આવી હતી. આ સોસાયટીમાં થઈને અન્ય સોસાયટીને જોડતો આ ટૂંકો રસ્તો હોવાથી સ્થાનિક નગરજનોની અવર જવર અહી વધુ રહેતી હોઈ ત્યારે પાલિકા દ્વારા આ ઉપરોકત બાબતને ધ્યાનમાં લઈને ભુગર્ભ ગટરની બંધ જોવા મળતી કામગીરી શરૂ કરાવીને નિયમ મુજબ ભૂગર્ભ ગટરની કામગીરી થાય તે માટે પાલિકાના ચીફ ઓફિસર દ્વારા સ્થળ પરની મુલાકાત લેવામાં આવે તે પણ જરૂરી છે. જોકે ગોકુલેશ સોસાયટીની ભૂગર્ભ ગટરની કામગીરી ધીમી ચાલતી હોવા સાથે અણીયાદ ચોકડી તરફ જવાનો આ ટૂંકો માર્ગ હોવાથી બાઈક ચાલકો પણ આ રસ્તે નીકળતા નજરે પડવા સાથે વળાંકમાં અમુક બાઈક ચાલક સામસામે અથડાતા હોવાનું જાણવા મળેલ હોઈ ત્યારે આ ભૂગર્ભ ગટરની કામગીરી ના કારણે કોઈ મોટી ઘટના બને તે પહેલા પાલિકા તંત્ર પોતાની નૈતિક ફરજ સમજીને આ કામગીરી નિયમ મુજબ કરાવીને વહેલી તકે પૂર્ણ કરવામાં આવે તેવી માંગ નગરજનો માંથી ઉઠી રહી હતી. ઉલ્લેખનીય છેકે ભૂગર્ભ ગટર ઉભરાવાની સમસ્યા થી અમુક વિસ્તારના નગરજનો હાલમાં પણ હેરાન પરેશાન થઈ રહયા હોય તેમ છતાં પાલિકા દ્વારા આ વિસ્તાર સહિત અન્ય વિસ્તારમાં ભૂગર્ભ ગટરની કામગીરી શરૂ કરવામાં આવી હોય પરંતુ ગટરના ગંદા પાણીનો નિકાલ માટેનું આયોજન કેવું કર્યું હશે, તેવા અનેક સવાલો નગરજનોમાં ચર્ચાઈ રહયા હતા. પાલિકા દ્વારા અનેક વિકાસના કામો નગર વિસ્તારમાં કરવામાં આવ્યા બાદ પણ નગરજનો અનેક સમસ્યાથી હેરાન પરેશાન થતા હોય ત્યારે પાલિકા ખાતે આવેલી વિવિધ ગ્રાન્ટોનો ઉપયોગ નિયમ મુજબ કરવામાં આવ્યો છેકે નહિ એ માટે જાગૃત નાગરીક દ્વારા ઉચ્ચકક્ષાએ લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવનાર છે.

# ગોધરા ખાતે નવી સ્થાપેલ ડેરી બેંક અને ફીશરીસ કો.ઓ. અને મંડળીઓનો ઉદ્દઘાટન કાર્યક્રમ યોજયો



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે નવી રચાયેલ ડેરી, બેંક અને ફિશરીસ કો–ઓપરેટીવ સોસાયટી અને મંડળીઓનો ઉદઘાટન કાર્યક્રમ પંચમહાલ ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટીવ બેંક ના સભાખંડમાં યોજવામાં આવ્યો હતો.

કેન્દ્રના કૃષિ અને સહકારીતા વિભાગ દ્વારા આજે દેશમાં ૧૦,૦૦૦ થી વધુ સહકારી મંડળીઓ ને મંજૂરી આપી તેનો ઉદ્દઘાટન કરવાનો કાર્યક્રમ દિલ્હી ખાતે રાખવામાં આવ્યો હતો. જે અનુસંધાને જીલ્લા કક્ષાનો કાર્યક્રમ પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલ પંચમહાલ ડિસ્ટ્રિકટ કો–ઓપરેટીવ બેંકના સભાખંડ ખાતે યોજવામાં આવ્યો હતો. ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજીની અદયક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં પંચમહાલ જીલ્લામાં નવી ૧૦ થી વધુ દૂધ,બેક અને ફિશરીસ કો ઓપરેટિવ બેક, ૨૦ થી વધુ સહકારી દૂધ મંડળીઓને માઈક્રો એટીએમ અને ૧૦૦ થી વધુ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર અને રાજયના કૃષિ અને સહકારીતા વિભાગ દ્વારા રાજયની તમામ ગ્રામપંચાયતોમાં સહકારી મંડળી શરૂ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. જેના ભાગરૂપે વધુમાં વધુ સહકારી મંડળીઓ શરૂ થાય અને ગ્રામ્ય વિસ્તારના લોકો આર્થિક રીતે મજબૂત બને તે માટે હાલ ઝુંબેશ રીતે હાલ કામગીરી કરવામાં આવી રહી છે.

# રૂપિયા અને ચાંદીના ઘરેણા સાથેનું પર્સ કોલેજમાં જમા કરાવી પ્રામાણિકતા દર્શાવતી કુ. જીયા વરીયા

ગોધરા,

એક તરફ લોકો બીજાનું છીનવી લેતા હોય છે ...પડાવી લેતા હોય છે... ચોરી કરતા હોય છે... જ્યારે બીજી તરફ પ્રામાણિકતા હજુ પણ જીવે છે, તેનું ઉદાહરણ સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાની પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુમારી જીયા વરીયા એ પૂરૂં પાડ્યું છે. તારીખ ૨૪ ના રોજ જીયા વરિયાને એક ગુલાબી રંગનું પર્સ કે જેમાં રોકડ રકમ અને ચાંદીની વસ્તુઓ હતી. જે તેને દ્યાનમાં આવતા તેણે પોતાની ફ્રેન્ડ સાથે આચાર્યની ઓફિસમાં આવી તે રકમ સાથેની ઉપર આચાર્યને પરત કરી પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. કોલેજ દ્વારા તાત્કાલિક તમામ ગ્રુપમાં મેસેજ વહેતો કરી જે પણ કોઈનું પર્સ હોય તેવો યોગ્ય નિશાની આપીને લઈ જાય પરંતુ બે દિવસ સુધી કોઈ આવ્યું નહીં, પરંતુ ત્રીજા દિવસે સાર્વજનિક કોલેજ ઓફ એજયુકેશન એટલે કે બી.એડ. કોલેજની વિદ્યાર્થીની કુ. પિનલ પટેલ નું એ પર્સ હોવાથી તેણીની આવી પોતાનો દાવો રજૂ કર્યો હતો. જે મુજબની વસ્તુઓ અને રૂપિયા હતા. તેને દ્યાનમાં લઈ બી.એડ કોલેજના આચાર્યને તે પરત કરી દીધેલ છે, જે પીનલ પટેલને મળી ગયેલ છે.

આમ, કુમારી જીયા વરિયાની પ્રામાણિકતાથી યોગ્ય વિદ્યાર્થીને તેનું પર્સ મળી જવા પામેલ છે. કોમર્સ કોલેજ ગોધરાના પ્રિન્સિપાલ ડો. અરૂણસિંહ સોલંકી સહિત તમામ સ્ટાફે કુમારી જીયા વરિયાને અભિનંદન પાઠવ્યા છે.

# ગોધરા સિવિલ હોસ્પિટલમાં પાણીની અછત સર્જાતા પાણીના ટેન્કર મંગાવાયા

ગોધરા,

ગોધરા સિવિલમાં પાણીના અભાવે પારાવાર મુશ્કેલીઓ ઉભી થવા પામેલ છે. જિલ્લાની સૌથી મોટી હોસ્પિટલમાં પાછલા ૧ માસથી પાણીની અછત ઉભી થતાં સારવાર કરવામાં પણ સ્ટાફ સહિતના લોકોને મહત્વના વોર્ડમાં ભારે તકલીફનો સામનો કરવાનો વારો આવ્યો છે. હોસ્પિટલમાં વર્ષો જુના કુવામાં પાણીનુ સ્તર નીચુ જતાં બહારથી રૂપિયા ખર્ચીને પાણી મંગાવાતા સરકારી રૂપિયાનો વેડફાટ થઈ રહ્યો છે.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં પંચમહાલ સહિતના દર્દીઓનો રોજ ભારે સારવાર માટે ધસારો હોય છે. ત્યારે પાછલા એક માસથી હોસ્પિટલમાં આવેલ કુવાના પાણીનુ સ્તર નીચુ જવાથી પાણીની અછત ઉભી થવા પામી છે. પાણીની અછતથી સિવિલ ખાતે પ્રસૃતિ વોર્ડ, ડેન્ટલ સહિતના મહત્વના વોર્ડમાં પાણીની અછતથી ડોકટરો સહિત સ્ટાફને દર્દીઓની સારવાર કરવામાં મુશ્કેલી ઉભી થઈ છે. પાણીની અછત પુરી કરવા માટે સિવિલ તંત્ર દ્વારા રૂપિયા ખર્ચીને જરૂરિયાત મુજબ પાણીના ટેન્કર મંગાવી રહ્યા છે. હોસ્પિટલ ખાતે રોજ હજારો લીટર પાણીનો ઉપયોગ થતો હોય છે. ત્યારે રોજ બહારથી રૂપિયા ખર્ચીને પાણીના ટેન્કર મંગાવતા સરકારી રૂપિયાનો વેડફાટ થઈ રહ્યો છે. ત્યારે પાણીની સમસ્યાનુ કાયમી નિરાકરણ લવાય તે જરૂરી છે.

# ગોધરા તાલુકાના પોપટપુરા ગામે ચોરીના બનાવના મદદગાર આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના પોપટપુરા ગામે ડામોર ફળીયામાં થયેલ ચોરીના ગુનામાં આરોપીને મદદ કરનાર આરોપી ગોપાલભાઈ બળવંતભાઈ ડામોરને પોલીસે ઝડપી પાડીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. આરોપી દ્વારા રેગ્યુલ જામીન મેળવવા માટે જીલ્લા મુખ્ય સેશન્સ જજની કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરતાં સરકારી વકિલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે.ગોધરા તાલુકાના પોપટપુરા ગામે ડામોર ફળીયામાં રહેતા ફરિયાદીના ઘરમાં આરોપીઓએ સોના–ચાંદીના દાગીના મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ ૧,૮૯,૨૦૦/–રૂપીયાની ચોરી કરી નાશી છુટેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ચોરીના ગુનામાં ગોધરા તાલુકા પોલીસ દ્વારા આરોપી ગોપાળ બળવંતભાઈ ડામોરને ઝડપી પાડવામાં આવ્યો હતો. જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ હતો. આરોપી ગોપાળ બળવંતભાઈ ડામોરએ રેગ્યુલર જામીન માટે પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં અરજી દાખલ કરેલ હતી. આ રેગ્યુલર જામીન અરજીની સુનાવણી ચાલી જતાં સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોરની વિગતવાર દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી ગોપાલ બળવંતભાઈ રાઠોડની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવી છે.

# પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગે હાલોલ નવજીવન, મઘવાસ પાસેથી રેતી અને કોલસા ભરી જતાં ત્રણ વાહનો ઝડપી પાડ્યા

ગોધરા,

ગોધરા ખાણ ખનીજ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખાણ ખનીજ વિભાગ દ્વારા હાલોલ નવજીવન પાસેથી ખનીજ કોલસો ભરેલી ટ્રક રૂ.૧૫ લાખ, મઘવાસ જીઆઈડીસી પાસેથી ખનીજ રેતી ભરેલ ટ્રક રૂ.૩૦ લાખ, જાંબુઘોડા શિવરાજ પુર રોડ ઉપરથી ખનીજ રેતી ભરેલી ટ્રક રૂ.૧૫ લાખ, આમ કુલ મળી રૂ.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.

ગોધરા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ રૂટિન ચેકિંગમાં હતા ત્યારે તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી જેથી ગોધરા ખાણ ખનીજ વિભાગ દ્વારા પ્રથમ તો હાલોલ નવજીવન હોટલ પાસેથી ખનીજ કોલસો ભરેલી ટ્રક (રૂ.૧૫ લાખ)ઝડપી પાડી સીઝ કરી ગોધરા કલેકટર કચેરી ખાતે મુકવામાં આવી હતી. જયારે મઘવાસ જીઆઈડીસી પાસેથી ખનીજ રેતી ભરેલી ટ્રક (રૂ.૩૦ લાખ)ને ઝડપી પાડી હાલોલ ખાતે સીઝ કરાઈ હતી. જયારે જાંબુઘોડા શિવરાજપુર રોડ ઉપરથી ખનીજ રેતી ભરેલ ટ્રક(રૂ.૧૫ લાખ)ને ઝડપી પાડી હાલોલ ખાતે સીઝ કરી મુકવામાં આવ્યો હતો. ત્રણેય જગ્યાએ ગોધરા ખાણ ખનીજ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરાતા ઉપરોકત વાહનચાલકો પાસે ખનીજ વહન અંગેના રોયલ્ટી પાસ કે પરમીટ માંગતા તેઓ રજુ નહિ કરી શકતા ગોધરા ખાણ ખનીજ વિભાગ દ્વારા કુલ રૂ.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# ગોધરા તાલુકાના ટીંબા ગામે બે ઘરને ચોર ઈસમો નિશાન બનાવી પર હજારની મત્તાની ચોરી કરી

ગોધરા,

ગોધરા તાલુકાના ટીંબા ગામ ફરિયાદીના પિતાના ઘરે અજાણ્યા ચોર ઈસમોએ ઘરના દરવાજાના તાળા તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરી માંથી સોના–ચાંદીના દાગીના તેમજ રોકડા ૧૦,૦૦૦/–રૂપીયા મળી કુલ ૫૨,૩૦૦/–રૂપીયાની મત્તાની ચોરી કરી ગયેલ હોય આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ટીંબા ગામે રહેતા સેજલબેન જયદીપભાઈ સોલંકીના પિતાના ઘરને અજાણ્યા ચોર ઈસમોએ નિશાન બનાવ્યું હતું. ઘરના દરવાજાના તાળા તોડી ઘરમાં પ્રવેશ કર્યો તો અને બેઠક રૂમમાં રાખેલ તિજોરી હતી અને સોનાની ચેઈન નંગ–૨ કિંમત ૩૦,૦૦૦/–, સોનાની વીંટી નંગ–૨ કિંમત ૮,૦૦૦/–રૂા., સોનાના પેન્ડલ નંગ–૨ કિંમત ૨,૦૦૦/–, ચાંદીનું કડું કિંમત ૬૦૦/–રૂા., ચાંદીની લકકી નંગ–૨ કિંમત ૪૦૦/–રૂા., ચાંદીના વાસણો કિંમત ૩૦૦/– મળી કુલ ૪૧,૩૦૦/–રૂપીયાનો ચોરી કરી હતી. જ્યારે કમળાબેન હરીજનના ઘર માંથી ચાંદીની ચેઈન કિંમત ૫૦૦/–રૂા., નાકની કાંટી કિંમત ૫૦૦/–રૂા. તેમજ રોકડ ૧૦,૦૦૦/–રૂપીયા મળી કુલ ૫૨,૩૦૦/–રૂપીયાની મત્તાની ચોરી ચોર ઈસમો કરી જતાં આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા તાલુકાના ભાણપુરા ગામે અગાઉના ઝગડાની અદાવતે બે ઈસમો દ્વારા ગાળો આપી મારામારી કરી ઈજાઓ પહોંચાડતા ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના ભાણપુરા ગામે ફરિયાદીનો છોકરો અને તેના મિત્રો બેઠા હતા. ત્યારે આરોપીઓ અગાઉના ઝગડાની અદાવત રાખી ગાળો આપવા લાગ્યા હતા. ગાળો બોલવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને સાયકલનું ચેન ચકકર લઈ દોડી આવી કપાળના ભાગે ઈજાઓ કરી હતી. છોડાવવા વચ્ચે પડેલ મહિલા અને અન્ય વ્યકિતને મારમાર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા તાલુકાના ભાણપુરા ગામે મંદિર ફળીયામાં રહેતા અર્જુનભાઈ ચૌહાણના છોકરો સોમસિંહ ચૌહાણ તેના મિત્રો સાથે બેઠા હતા. ત્યારે આરોપીઓ શની ભરતસિંહ ચૌહાણ, મનીષ છત્રસિંહ ચૌહાણ એ અગાઉના ઝગડાની અદાવત રાખીને ગાળો આપી તમે કોની વાતો કરો છો તેમ કહેતા ગાળો બોલવાની ના પાડી હતી. ત્યારે શની ચૌહાણ ઉશ્કેરાઈ ગયો હતો અને સાયકલની ચેઈમ ચકકર લઈને દોડી આવી સોમસિંહને કપાળના ભાગે મારી ઈજાઓ પહોચાડી હતી. આ વખતે બુમો પાડતા સોમસિંહના પત્ની વંદનબેન તથા સાગરકુમાર છોડાવવા વચચે પડયા હતા. ત્યારે સાગરકુમારને ગદડાપાટુનો મારમારી ધકકો મારી પાડ દઈ ઈજાઓ પહોંચાડી હતી અને જાથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે આરોપીઓ વિરૂદ્ધ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં રોડ સેફટીની મીટીંગ યોજાઈ



નડિયાદ,

જીલ્લા માર્ગ સલામતી સમિતિના અદયક્ષ અને જીલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી, નડિયાદ ખાતે રોડ સેફ્ટી કાઉન્સિલની મીટીંગ યોજાઈ હતી. આ બેઠકમાં જાન્યુઆરીથી નવેમ્બર માસ દરમિયાન યોજાયેલી મિંટિગમાં ચર્ચાયેલા મુદ્દા પર થયેલ કામગીરી પર સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં નવેમ્બર માસમાં થયેલા અકસ્માત બાબતે ચર્ચા કરવામાં આવી હતી. અને નવેમ્બર માસમાં રોડ સેફ્ટી બાબતે થયેલ કાર્યવાહી પર જીલ્લા કલેકટર દ્વારા માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા. વધુમાં છેલ્લા અગિયાર માસમાં થયેલ વિવિધ કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ સિવાય કેનાલ પાસે ક્રેશ બેરિયર લગાવવા બાબતે અને જીલ્લામાં બાળકોની માર્ગ સલામતી દ્યાને રાખીને શાળાની પાસે સ્કૂલ ઝોન વિકાસવવા અંગે અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના રિસ્પોન્સ સમય અંગે ખાસ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી એસ.ડી. વસાવા, પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા,નિવાસી અધિક કલેક્ટર જે.બી.દેસાઈ, આરટીઓ, પોલીસ વિભાગ, આરએન્ડબી (સ્ટેટ) અને (પંચાયત), ફોરેસ્ટ, શિક્ષણ, નેશનલ હાઈવેના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

# શહેરા તાલુકાના બિલિયા ચોકડી પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત એક વ્યકિતનું મોત

શહેરા,

શહેરા તાલુકાના બિલિયા ચોકડી પાસે કાર અને બાઈક અકસ્માતમાં એક શખ્સનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ.જ્યારે બાઈક પર સવાર અન્ય એક ઈસમ ગંભીર રીતે ઘાયલ થતા ગોધરા અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યા હતા.

લુણાવાડા તાલુકાના ધામણિયાના વતની જેઠાભાઈ રત્નાભાઈ વણકર અને તેમના મિત્ર શહેરાથી કોઠંબા તરફ તેઓના ઘર તરફ જઈ રહ્યા હતા. તે સમયે બિલિયા ચોકડી પાસે રેણા મોરવા તરફ થી આવતી કાર બાઈક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ માર્ગ અકસ્માતમાં બાઈક ચાલક જેઠાભાઈ ફંગોળાઈને રસ્તા પર પડ્યા હતા અને તેમના મિત્ર પણ ગંભીર રીતે ઘવાઈને પડ્યા હતા. આસપાસના લોકો મોટો અવાજ સાંભળી ત્યાં દોડી આવ્યા હતા. જ્યાં કોઈક હાજર વ્યકિતએ ૧૦૮ ને જાણ કરતા ગંભીર રીતે ઘાયલ રંગીત ભાઈ પટેલિયાને શહેરા સરકારી દવાખાને અને ત્યાંથી ગોધરા ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે, રસ્તા પર પટકાયેલા રત્નાભાઈ વણકરને ગંભીર ઈજા થતા તેઓનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ બનેલી ઘટનાની જાણ પોલીસને થતાં અકસ્માત સ્થળ ખાતે પોલીસ પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરીને મૃતદેહને શહેરા સરકારી મડદા કોટડીમાં મુકાવી કાર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, તાલુકા પંથકમાં માર્ગ અકસ્માતના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા હોય ત્યારે પોલીસ દ્વારા ટ્રાફિકને લઈને વાહન ચાલકો માટે જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે અને સતત વાહનોની અવરજવર વાળા રસ્તા પર ટ્રાફિક પોઈન્ટ કાયમી ગોઠવામાં આવે તો અકસ્માતના બનાવવામાં ઘટાડો થઈ શકે પરંતુ પોલીસ આ માટે ક્યારે વિચારશે એવા અનેક સવાલો જાગૃત નાગરિકમાં ચર્ચાઈ રહ્યા હતા.